MANOGAT • Year-40 • Issue-12 • 25 September 2021 • Bhadarva Vad 4, Samvat 2077 • Yugabd 5123 • Price : Rs. 5/- • Pages : 28





# મનોગત

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ
યોગઃ કર્મસુ કૌશલમ્ ।




## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગુજરાતના મુખ્યમંત્રી

### નેતૃત્વની દીર્ઘદૃષ્ટિ, સંગઠનની તાકાત અને સૌ કાર્યકર્તામાં રહેલા મૂળ કાર્યકર્તા ભાવે ગુજરાતમાં નવો ઇતિહાસ રચ્યો

## શપથવિધિ સમારોહની તસવીરો



## તંત્રીસ્થાનેથી

Year : 40, Issue : 12, Pages : 28

# પૂર્ણ શિસ્ત, આગવી સમજણ અને અદકેરા સ્વવિવેક દ્વારા સરળ અને સહજ રીતે યુવા અને ઊર્જાવાન મંત્રીમંડળને જવાબદારીની સોંપણી

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

ઐતિહાસિક અને અભૂતપૂર્વ ઘટનાક્રમ દ્વારા શ્રી વિજયભાઈ મંત્રીમંડળે રાજીનામું આપ્યું અને શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મંત્રીમંડળે સત્તાનાં સૂત્રો સંભાળ્યાં.

રાજનીતિના ઇતિહાસની આ પ્રકારની કદાચ આ પહેલી અને એકમાત્ર ઘટના છે. ગૌરવપ્રદ બાબત એ છે કે - પૂર્ણ શિસ્ત, આગવી સમજણ, અને અદકેરા સ્વવિવેક દ્વારા સરળ અને સહજ રીતે યુવાન અને ઊર્જાવાન પેઢીને જવાબદારીની સોંપણી થઈ છે.

આનંદની વાત એ છે કે - ભાજપનો પ્રત્યેક કાર્યકર્તા હરહંમેશને માટે પોતાના 'કાર્યકર્તા ભાવ'ને સતત અને આજીવન જીવંત રાખતો હોય છે. ગુજરાત સરકારમાં સત્તાપદ છોડનાર તમામે પોતાના કાર્યકર્તા ભાવના કારણે જ 'મૈં નહીં તૂ'ના વિચારને ખરા અર્થમાં સાર્થક કર્યો છે.

ભારતીય જનતા પક્ષનું આગવાપણું પણ આ જ છે કે આપણા સૌ માટે વ્યક્તિથી મોટો પક્ષ છે. પક્ષની ઇચ્છા એ આપણા માટે સર્વોપરી છે. એટલે જ તો આપણે ત્યાં નિયુક્ત પદાધિકારી પણ પોતાની જાતને First Among Equal (સરખા સૌમાં પ્રથમ માત્ર) સમજે છે અને આ જ કારણોથી આપણે પદને સત્તા નહીં પણ જવાબદારી સમજીએ છીએ.

વિચાર તો કરો - આપણે ત્યાં ભૂમિકા પરિવર્તનની આટલી મોટી પ્રક્રિયા ઘડીભરમાં પૂર્ણ થઈ ગઈ ! કોંગ્રેસમાં પ્રદેશ નેતાઓના રાજીનામાને કેટકેટલો સમય વીતી ગયો ! અરે અમદાવાદ મ્યુ. કોર્પોરેશનની ચૂંટણીને મહિનાઓ વીતી ગયા પરંતુ ના પ્રદેશમાં કે ના વિપક્ષના નેતાનાં નામો સુધ્ધાં કોંગ્રેસ નક્કી કરી શકી નથી !

આપણે ત્યાં - નેતૃત્વની દીર્ઘદૃષ્ટિ, સંગઠનની તાકાત અને તમામમાં રહેલો કાર્યકર્તાભાવ જ સદાય સર્વોપરિ રહ્યો છે તે આ ઘટનાએ પુરવાર કરી દીધું છે.

આપણા શીર્ષસ્થ નેતૃત્વનું માર્ગદર્શન, અનુભવી વડીલોના આશીર્વાદ અને નવા ઊર્જાવાન મંત્રીઓનો લોકસેવાનો ઉત્સાહ - સુશાસન, વિકાસ, અને પારદર્શકતાનો ત્રિવેણી સંગમ રચીને ગુજરાતના ખૂણે-ખૂણે પ્રત્યેક જનમાનસમાં 'કમળ' ખીલવશે તેવી પૂર્ણ શ્રદ્ધા અને શુભેચ્છા આ તકે આપણે સૌ નવા મંત્રીમંડળને પાઠવીએ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
E-mail : manogat.1980@gmail.com


તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



# ગરવા ગુજરાતને મળ્યું યુવાન અને ઊર્જાવાન મંત્રીમંડળ

ગુજરાતના રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજભવન ખાતે રાજયના ૧૭-મા મુખ્યમંત્રી તરીકે શ્રી ભૂપેન્દ્રભાઈ રજનીકાંત પટેલને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ, મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણ, હરિયાણાના મુખ્યમંત્રીશ્રી મનોહરલાલ ખટ્ટર, ગોવાના મુખ્યમંત્રીશ્રી પ્રમોદ સાવંત અને કર્ણાટકના મુખ્યમંત્રીશ્રી બસવરાજ બોમ્માઈ ઉપસ્થિત રહ્યા હતા. આ સમયે કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણમંત્રીશ્રી નરેન્દ્રસિંહ તોમર, કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રહલાદ જોશી, કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયા, કેન્દ્રીય વન અને પર્યાવણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ યાદવ, કેન્દ્રીય પશુપાલન મંત્રીશ્રી પરષોત્તમ રૂપાલા, કેન્દ્રીય રેલવે-ટેક્સટાઈલ રાજયમંત્રી શ્રીમતી દર્શના જરદોશ, કેન્દ્રીય મહિલા અને બાળવિકાસ તથા ''આયુષ'' રાજ્યમંત્રીશ્રી ડૉ.મહેન્દ્રભાઈ મુંજપરા ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, કાર્યકારી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, કાર્યકારી નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, ભાજપ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ અને કેન્દ્રીય નિરીક્ષક અને ભાજપના મહામંત્રીશ્રીઓ સર્વશ્રી બી.એલ. સંતોષ અને શ્રી અરુણ સિંહ તથા આદરણીય સંતો-મહંતો, સાંસદશ્રી, ધારાસભ્યશ્રીઓ અને શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા.



## ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

**સા.વ.વિ., વહીવટી સુધારણા અને આયોજન, ગૃહ અને પોલીસ હાઉસીંગ, માહિતી અને પ્રસારણ, પાટનગર યોજના, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ, ઉદ્યોગ, ખાણ અને ખનીજ, નર્મદા, બંદરો, તમામ નીતિઓ અને અન્ય કોઈ મંત્રીશ્રીઓને ફાળવાયેલ ન હોય તેવા વિષયો / વિભાગો**

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ હાલ ઘાટલોડિયા વિધાનસભાના ધારાસભ્ય છે. તેઓશ્રીએ સિવિલ એન્જિનિયરનો અભ્યાસ કર્યો છે. સરદાર ધામ અને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના ટ્રસ્ટી પણ છે. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ૧૯૯૫-૯૬માં મેમનગર નગરપાલિકામાં સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તથા ૧૯૯૯-૨૦૦૦, ૨૦૦૪-૦૬માં અમદાવાદ સ્કૂલ બોર્ડના ચેરમેન રહી ચૂક્યા છે. ૨૦૦૮-૧૦માં થલતેજ વોર્ડના કાઉન્સિલર હતા અને ૨૦૧૦-૧૫માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રહી ચૂક્યા છે. તેમજ તેઓ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ(AUDA)માં ૨૦૧૫-૧૭માં ચેરમેન રહી ચૂક્યા છે. મૃદુભાષી અને સૌમ્ય સ્વભાવના છે. ૨૦૧૭માં ઘાટલોડિયા વિધાનસભા બેઠક પરથી પહેલીવાર ચૂંટણી લડ્યા. પહેલી જ વિધાનસભા ચૂંટણીમાં ૧,૧૭,૭૫૦ મતની જંગી સરસાઈથી જીત્યા.



## રાજ્યના નવરચિત મંત્રીમંડળના મંત્રીશ્રીઓનો પરિચય

### કેબીનેટ મંત્રીશ્રીઓ



**શ્રી રાજેન્દ્ર સૂર્યપ્રસાદ ત્રિવેદી**

**મહેસૂલ, આપત્તિ વ્યવસ્થાપન, કાયદો અને ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો**

શ્રી રાજેન્દ્ર સૂર્યપ્રસાદ ત્રિવેદી, ૧૪૪-રાવપુરા મત વિભાગ (વડોદરા) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ તા. ૧૯ જૂન, ૧૯૫૪ના રોજ વડોદરા ખાતે થયો હતો. તેમણે બી.એસસી. (ઓનર્સ), એલએલ.બી. સુધીનો અભ્યાસ કરેલ છે. તેઓ ખેતી તથા વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ તેરમી ગુજરાત વિધાનસભા, ૨૦૧૨-૧૭માં ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા બાદ તેમણે તા.૭મી ઑગસ્ટ ૨૦૧૬થી ૨૫મી ડિસેમ્બર ૨૦૧૭ સુધી રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (સ્વતંત્ર હવાલો), યાત્રાધામ વિકાસ વિભાગના રાજ્યકક્ષાના મંત્રીશ્રી તરીકે પદભાર સંભાળ્યો હતો. ૧૪મી ગુજરાત વિધાનસભા ૨૦૧૭-૨૨માં ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા બાદ તા. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૮થી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે પદભાર સંભાળેલ છે. તેઓ વાંચન, સામાજિક પ્રવૃત્તિ, સાહિત્યિક પ્રવૃત્તિ અને કવિતાલેખનનો શોખ ધરાવે છે.



**શ્રી જિતેન્દ્રભાઈ સવજીભાઈ વાઘાણી**

**શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ), ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વિજ્ઞાન અને પ્રાઉદ્યોગિક**

શ્રી જિતેન્દ્રભાઈ સવજીભાઈ વાઘાણી, ૧૦૫ ભાવનગર પશ્ચિમ મત વિભાગ (ભાવનગર) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ તા. ૨૮ જુલાઈ, ૧૯૭૦ના રોજ ભાવનગર જિલ્લાના વરતેજ ખાતે થયો હતો. તેમણે બી.કોમ., એલએલ.બી., એલ.ડી.સી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. તેઓ ખેતી અને બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ તેરમી ગુજરાત વિધાનસભાના સભ્ય પણ રહી ચૂક્યા છે. તેઓ વાંચન, સમાજસેવા, લોકસાહિત્ય, રમતગમત અને પ્રવાસનો શોખ ધરાવે છે.



**શ્રી ઋષિકેશ ગણેશભાઈ પટેલ**

**આરોગ્ય પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, જળસંપત્તિ અને પાણી પુરવઠો**

શ્રી ઋષિકેશ ગણેશભાઈ પટેલ, ૨૨ વિસનગર મત વિભાગ (મહેસાણા) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ તા. ૩૦ ઓક્ટોબર-૧૯૬૧ના રોજ ખેરાલુના સુંઢિયા ગામે થયો છે. તેઓએ ડિપ્લોમા ઈન સિવિલ એન્જિનિયરિંગ સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓ કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ બારમી-તેરમી ગુજરાત વિધાનસભાના પણ સભ્ય હતા. તેઓ વિસનગર પંચશીલ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ, મહેસાણા ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિયેશનના ચેરમેન છે. તેમજ વિસનગર ખેત-ઉત્પન્ન બજાર સમિતિમાં પણ વર્ષ ૨૦૧૬થી કાર્યરત છે. તેઓને વાંચન, રમતગમત, પ્રવાસ અને સંગીતનો શોખ છે.



**શ્રી પૂર્ણેશકુમાર ઈશ્વરલાલ મોદી**

**માર્ગ અને મકાન, વાહન વ્યવહાર, નાગરિક ઉડ્ડયન, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ**

શ્રી પૂર્ણેશકુમાર ઈશ્વરલાલ મોદી, ૧૬૭-સુરત(પશ્ચિમ) મતવિભાગ (સુરત શહેર) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ ૨૨મી ઓક્ટોબર ૧૯૬૫ના રોજ સુરત ખાતે થયો છે. તેમણે બી.કોમ અને એલએલ.બીનો અભ્યાસ કરેલો છે. તેઓ વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા છે.



૨૦૧૩થી ૨૦૧૭ ૧૩મી ગુજરાત વિધાનસભા દરમ્યાન આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાં સંસદીય સચિવ તરીકે સેવાઓ આપી છે. તેઓ ઇતિહાસ વિષય સંબંધી વાંચનપ્રવૃત્તિ અને જૂનાં હિન્દી ફિલ્મી ગીતો સાંભળવાનો શોખ ધરાવે છે.



### શ્રી રાઘવજીભાઈ હંસરાજભાઈ પટેલ

**કૃષિ, પશુપાલન, ગૌ-સંવર્ધન**

શ્રી રાઘવજીભાઈ હંસરાજભાઈ પટેલ, ૭૭-જામનગર (ગ્રામ્ય) મત વિભાગ (જામનગર) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ ૧લી જૂન, ૧૯૫૮ના રોજ મોટા ઇંટાળા, તા. ધ્રોલ, જિ. જામનગર ખાતે થયો હતો. તેમણે બી.એ., એલએલ.બી.નો અભ્યાસ કરેલો છે. તેઓ ખેતી અને શૈક્ષણિક પ્રવૃત્તિના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ (૧) આઠમી ગુજરાત વિધાનસભા, ૧૯૯૦-૯૫, (૨) નવમી ગુજરાત વિધાનસભા, ૧૯૯૫-૯૭, (૩) દશમી ગુજરાત વિધાનસભા, ૧૯૯૮-૨૦૦૨ (પેટા ચૂંટણી), (૪) બારમી ગુજરાત વિધાનસભા, ૨૦૦૭-૧૨, (૫) તેરમી ગુજરાત વિધાનસભા, ૨૦૧૨-૧૭. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, ગ્રામ ગૃહનિર્માણ વિભાગ, ગુજરાત સરકાર, ૧૯૯૫-૯૬ તરીકે સેવા આપી ચૂક્યા છે. તેઓ રમત-ગમત, વાંચન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને સમાજસેવાનો શોખ ધરાવે છે.



### શ્રી કનુભાઈ મોહનલાલ દેસાઈ

**નાણા, ઊર્જા, પેટ્રોકેમિકલ્સ**

શ્રી કનુભાઈ મોહનલાલ દેસાઈ, ૧૮૦-પારડી (વલસાડ) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ ૩જી ફેબ્રુઆરી, ૧૯૫૧ના રોજ ઉમરસાડી ખાતે થયો હતો. તેમણે બી.કોમ., એલએલ.બી. (સ્પેશિયલ) સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓ ખેતી અને વેપારના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમણે તેરમી ગુજરાત વિધાનસભા, ૨૦૧૨-૧૭, કોષાધ્યક્ષ, (૧) નોટિફાઈડ એરિયા જી. આઈ. ડી. સી., વાપી, ભારતીય જનતા પક્ષ, ૨૦૦૬-૦૯, (૨) વલસાડ જિલ્લા ભા.જ.પ. ૨૦૦૯-૧૨. મહામંત્રી, વલસાડ જિલ્લા ભા.જ.પ., ૨૦૧૧-૧૨. પ્રમુખ, વલસાડ જિલ્લા ભા.જ.પ., ૨૦૧૨થી. સભ્ય અને ટ્રસ્ટી, રોટરી ક્લબ, વાપી. ટ્રસ્ટી, (૧) જ્ઞાનધામ ચેરિટેબલ ટ્રસ્ટ, વાપી, (૨) જ્ઞાનધામ ચેરિટેબલ ટ્રસ્ટ, આહવા, (૩) સાન્દ્રા શ્રોફ રોફેલ કોલેજ ફોર નર્સિંગ. ડાયરેક્ટર, વાપી ગ્રીન લિ., જી. આઈ. ડી. સી., વાપી જેવી વિવિધ જવાબદારીઓ વહન કરી છે.



### શ્રી કિરીટસિંહ જીતુભા રાણા

**વન, પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, છાપકામ અને સ્ટેશનરી**

શ્રી કિરીટસિંહ જીતુભા રાણા, ૬૧-લીંબડી મત વિભાગ (સુરેન્દ્રનગર) વિધાનસભા મત વિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તા. ૦૭ જુલાઈ ૧૯૬૪ના રોજ તેમનો જન્મ થયો હતો. તેઓએ મેટ્રિક સુધીનો અભ્યાસ કરેલો છે. આ બેઠક પર કિરીટસિંહ રાણા ત્રીજી વખત પેટા-ચૂંટણી જીત્યા છે. આ પહેલાં તેમણે ૧૯૯૫ અને ૨૦૧૩માં પેટા ચૂંટણી જીતી હતી. કિરીટસિંહ રાણા નરેન્દ્ર મોદી સરકારમાં પશુપાલન મંત્રી રહી ચૂક્યા છે. તેમણે ૧૯૯૫માં પેટાચૂંટણીમાં જીતથી રાજકીય સફરની શરૂઆત કરી હતી. તેઓએ પાંચ વખત ચૂંટણી જીતી છે. તેઓ ક્ષત્રિય સમાજના આગેવાન છે.



### શ્રી નરેશભાઈ મગનભાઈ પટેલ

**આદિજાતિ વિકાસ, અન્ન અને નાગરિક પુરવઠો અને ગ્રાહકોની સુરક્ષા**

શ્રી નરેશભાઈ મગનભાઈ પટેલ, ૧૭૬-ગણદેવી (નવસારી) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ ૧લી જાન્યુઆરી, ૧૯૬૯ના રોજ મોગરાવાડી, નવસારી ખાતે થયો હતો. તેમણે



એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓ ખેતી અને વેપારના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમણે બારમી ગુજરાત વિધાનસભા, ૨૦૦૭-૧૨, અધ્યક્ષ, નવસારી જિલ્લા ભા.જ.પ., છેલ્લી બે સમયાવધિથી મંત્રી, રાષ્ટ્રીય આદિજાતિ મોરચો, ભા.જ.પ.; ઉપપ્રમુખ, જાગૃતિ વિદ્યાલય, રૂમલા, વર્ષ ૧૯૯૬થી આજપર્યંત; ચેરમેન, મોગરાવાડી દૂધ સેવા સહકારી મંડળી, ૧૯૯૦-૯૨; ચેરમેન, રૂમલા વિભાગ ખરીદ-વેચાણ સેવા સહકારી મંડળી, ૧૯૯૩-૯૫; ટ્રસ્ટી, ઉનાઈ માતાજી મંદિર; પૂર્વ ઉપપ્રમુખ, ચિખલી તાલુકા પંચાયત જેવી વિવિધ જવાબદારીઓ વહન કરી છે. તેઓ વાંચન, લેખન, સંગીત અને ક્રિકેટનો શોખ ધરાવે છે.



**શ્રી પ્રદિપભાઈ ખાનાભાઈ પરમાર**

**સામાજિક ન્યાય અને અધિકારિતા**

શ્રી પ્રદિપભાઈ ખાનાભાઈ પરમાર, ૫૬-અસારવા મતવિભાગ (અમદાવાદ) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ તા.૧૭ જૂન ૧૯૬૪ના રોજ અમદાવાદ ખાતે થયેલો છે. તેમણે મેટ્રિક સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓ બાંધકામ, પેટ્રોલપંપ અને વોટર સપ્લાયના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ નાટક જોવાનો અને પુસ્તક-વાંચનનો શોખ ધરાવે છે.



**શ્રી અર્જુનસિંહ ઉદેસિંહ ચૌહાણ**

**ગ્રામવિકાસ અને ગ્રામ ગૃહનિર્માણ**

શ્રી અર્જુનસિંહ ઉદેસિંહ ચૌહાણ, ૧૧૭-મહેમદાવાદ મતવિભાગ (ખેડા) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ તા.૨૨ જૂન ૧૯૭૬ના રોજ ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના વાંઠવાળી ગામે થયો છે. તેમણે બી.કોમ., ડી.સી.એમ.નો અભ્યાસ કરેલો છે. તેઓ ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમને લેખન, વાંચન, પ્રવાસ, સંગીત અને સેવાકીય પ્રવૃત્તિઓ કરવાનો શોખ છે.

## રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ (સ્વતંત્ર હવાલો)



**શ્રી હર્ષ સંઘવી**

**રમત, ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિનનિવાસી ગુજરાતીનો પ્રભાગ, ગૃહરક્ષક દળ અને ગ્રામરક્ષક દળ, નાગરિક સંરક્ષણ, નશાબંધી, આબકારી, જેલ, સરહદી સુરક્ષા (સ્વતંત્ર હવાલો), ગૃહ અને પોલીસ હાઉસીંગ, આપત્તિ વ્યવસ્થાપન**

શ્રી હર્ષ રમેશકુમાર સંઘવી, ૧૬૫-મજૂરા મત વિભાગ (સુરત શહેર) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ તા. ૮ જાન્યુઆરી-૧૯૮૫ના રોજ સુરત ખાતે થયો છે. તેમણે મેટ્રિક સુધીનો અભ્યાસ કરેલો છે. તેમનો મુખ્ય વ્યવસાય ડાયમંડ, જ્વેલરી મેન્યુફેક્ચરિંગનો છે. તેઓ રાહત દરે સ્ટુડન્ટ બૂક બેન્ક, રાહતદરે સાહિત્ય વેચાણ કેન્દ્ર, રોજગાર મેળા, વનવાસી વિસ્તારમાં કેમ્પ, સાત્વિક આહાર વિતરણ, રોજગાર તાલીમ સહિતની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. ભા.જ.પ. રાષ્ટ્રીય યુવા મોરચાના ઉપપ્રમુખ તરીકે સેવારત શ્રી સંઘવી ૧૩મી વિધાનસભાના પણ સભ્ય હતા. તેમને રમતગમત, સાહસિક પ્રવૃત્તિ, ભ્રમણ, જન-સંપર્કનો શોખ છે.



**શ્રી જગદીશભાઈ ઈશ્વરભાઈ પંચાલ**

**કુટિર ઉદ્યોગ, સહકાર, મીઠા ઉદ્યોગ અને પ્રોટોકોલ(સ્વતંત્ર હવાલો), ઉદ્યોગ, વન પર્યાવરણ અને કલાઈમેટ ચેન્જ, પ્રિન્ટિંગ અને સ્ટેશનરી**

શ્રી જગદીશભાઈ ઈશ્વરભાઈ પંચાલ, ૪૬-નિકોલ મતવિભાગ(અમદાવાદ શહેર) વિધાનસભા મત વિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ તા. ૧૨ ઓગસ્ટ ૧૯૭૩ના રોજ અમદાવાદ ખાતે થયો છે.



તેમણે એસ.વાય.બી.એ., એમ.બી.એ. ઈન માર્કેટીંગનો અભ્યાસ કરેલો છે. તેઓ ટેક્સટાઈલ મશીનરીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ વાંચન-સ્વિમિંગ, બેડમિન્ટન અને સમાજસેવાનો શોખ ધરાવે છે.



### શ્રી બ્રિજેશકુમાર અમરશીભાઈ મેરજા

**શ્રમ, રોજગાર, પંચાયત(સ્વતંત્ર હવાલો), ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ**

શ્રી બ્રિજેશકુમાર અમરશીભાઈ મેરજા, ૬૫, મોરબી મતવિભાગ (મોરબી) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ ૧લી માર્ચ, ૧૯૫૮ના રોજ ચમનપર ખાતે થયો હતો. તેમણે બી.કૉમ., ડિપ્લોમા ઈન બેન્કિંગ, પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન જર્નાલિઝમ, એડવર્ટાઈઝ એન્ડ પબ્લિક રિલેશન, ગવર્નમેન્ટ ડિપ્લોમા ઈન કો-ઓપરેશન એન્ડ એકાઉન્ટન્સી, એલએલ.બી. (પ્રથમ વર્ષ) સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓ કન્સલ્ટન્સી અને સમાજસેવા જેવા વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમણે સભ્ય, શ્રી સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ, ગાંધીનગર. પ્રમુખ, સિટી લાયન્સ ક્લબ, મોરબી, સેક્રેટરી, ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ બેડમિન્ટન એસોસિયેશન, પૂર્વપ્રમુખની જવાબદારી નિભાવી છે. જ્યેષ્ઠ પુત્ર ડૉ. પ્રશાંત મેરજાની સ્મૃતિમાં સમયાંતરે ગરીબ દર્દીઓ માટે મેડિકલ કેમ્પ, રક્તદાન કેમ્પ, મહાનુભાવોનાં પ્રેરક પ્રવચનો દ્વારા સત્કાર્યોના પ્રચાર-પ્રસારનું કાર્ય, ખેલકૂદ અને શૈક્ષણિક ક્ષેત્રમાં ડૉ. પ્રશાંત એવોર્ડ થકી યુવાનોને પ્રોત્સાહિત કરવાની પ્રવૃત્તિઓમાં સક્રિય. ભૂકંપ, વાવાઝોડું, દુષ્કાળ જેવી કુદરતી આફતોમાં અને તાજેતરની અતિવૃષ્ટિમાં માળિયા (મિ.) તાલુકા-શહેરના લોકોની ખડે પગે મદદ કરી છે. તેઓ મિત્રો સાથે પ્રાકૃતિક સ્થળોનો પ્રવાસ, જૂની ફિલ્મોનાં ગીતો જોવાં, સાંભળવાં, જનસંપર્ક, જુદા જુદા વિષયોનું વાંચન, મનન, ચિંતન, પ્રવચનો આપવાં, સાંભળવાં જેવી વિવિધ પ્રવૃત્તિઓનો શોખ ધરાવે છે.



### શ્રી જીતુભાઈ હરજીભાઈ ચૌધરી

**કલ્પસર અને મત્સ્યોદ્યોગ (સ્વતંત્ર હવાલો), નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠો**

શ્રી જીતુભાઈ હરજીભાઈ ચૌધરી ૧૮૧ કપરાડા મત વિભાગ (વલસાડ) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ ૧લી જૂન, ૧૯૬૪ના રોજ કાકડકોપર, તા. કપરાડા, જિ. વલસાડ ખાતે થયો હતો. તેમણે અન્ડર મેટ્રિક સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓ ખેતી અને વેપારના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમણે સભ્ય, (૧) અગિયારમી ગુજરાત વિધાનસભા, ૨૦૦૨-૦૭, (૨) બારમી ગુજરાત વિધાનસભા, ૨૦૦૭-૧૨, (૩) તેરમી ગુજરાત વિધાનસભા, ૨૦૧૨-૧૭ સભ્ય તરીકે સેવાઓ આપી છે. તેઓ વાંચન, રમતગમત, ધાર્મિક સ્થળોનો પ્રવાસ, સામાજિક પ્રવૃત્તિ, ભજન-સત્સંગ, કથા-શ્રવણ, લોક-ડાયરો, નવી પદ્ધતિથી ખેતી, ટેક્નોલોજી વગેરે શોખ ધરાવે છે.



### શ્રીમતી મનીષાબહેન વકીલ

**મહિલા અને બાળકલ્યાણ (સ્વતંત્ર હવાલો), સામાજિક ન્યાય અને અધિકારિતા**

શ્રીમતી મનીષા વકીલ, ૧૪૧ વડોદરા શહેર મત વિભાગ (વડોદરા) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલાં છે. તેમનો જન્મ તા. ૨૫ માર્ચ-૧૯૭૫ના રોજ વડોદરા ખાતે થયો છે. તેમણે એમ.એ. અને બી.એડ. (અંગ્રેજી સાહિત્ય) સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓ બ્રાઈટ ડે સ્કૂલના સુપરવાઈઝર તરીકે તથા સોલેસ ફાઉન્ડેશનના પ્રમુખ તરીકે સેવા આપી ચૂક્યા છે. તેઓ તેરમી ગુજરાત વિધાનસભાના પણ સભ્ય હતા. તેઓ વાંચનનો શોખ ધરાવે છે.



## રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ



### શ્રી મુકેશભાઈ ઝીણાભાઈ પટેલ

**કૃષિ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ**

શ્રી મુકેશભાઈ ઝીણાભાઈ પટેલ, ૧૫૫-ઓલપાડ મત વિભાગ (સુરત) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ ૨૧ માર્ચ, ૧૯૭૦ના રોજ સુરત ખાતે થયો હતો. તેમણે એચ.એસ.સી., ડ્રાફ્ટ્સમેન સિવિલ સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓ પેટ્રોલપંપના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમણે સભ્ય, તેરમી ગુજરાત વિધાનસભા, ૨૦૧૨-૧૭, પ્રમુખ, ઓલપાડ તાલુકા ભારતીય જનતા પક્ષ, ડિરેક્ટર, ઓલપાડ વિભાગ કાંઠા સુગર ફેક્ટરી જેવી વિવિધ જવાબદારીઓ વહન કરી છે. તેઓ ધાર્મિક પુસ્તકોનું વાંચન, ક્રિકેટ અને પ્રવાસનો શોખ ધરાવે છે.



### શ્રીમતી નિમિષાબહેન મનહરસિંહ સુથાર

**આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ**

શ્રીમતી નિમિષાબેન મનહરસિંહ સુથાર, ૧૨૫-મોરવાહડફ મતવિભાગ (પંચમહાલ) વિધાનસભા મતવિસ્તારમાંથી ચુંટાયેલાં છે. તેમનો જન્મ વર્ષ ૧૯૮૨માં થયો છે. મોરવાહડફની વિધાનસભાની બેઠક ઉપરથી વર્ષ ૨૦૨૧માં પેટાચૂંટણીમાં વિજેતા થયાં છે. અગાઉ તેઓ વર્ષ ૨૦૧૩-૧૭ દરમિયાન ગુજરાત વિધાનસભામાં મોરવાહડફથી પ્રતિનિધિત્વ કરેલું છે. તેઓએ ડિપ્લોમા ઈન ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ એન્ડ કોમ્પ્યુટર કમ પ્રોગ્રામિંગ સુધી અભ્યાસ કરેલો છે.



### શ્રી અરવિંદ ગોરધનભાઈ રૈયાણી

**વાહન વ્યવહાર, નાગરિક ઉડ્ડયન, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ**

શ્રી અરવિંદ ગોરધનભાઈ રૈયાણી, ૬૮ રાજકોટ(પૂર્વ) મત વિભાગ (રાજકોટ) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ તા. ૦૪ જાન્યુઆરી, ૧૯૭૭ના રોજ રાજકોટ ખાતે થયો હતો. તેમણે એસ.એસ.સી.સુધીનો અભ્યાસ કરેલ છે. તેઓ વેપાર સાથે સંકળાયેલા છે. તેઓ વાંચન અને ક્રિકેટનો શોખ ધરાવે છે.



### શ્રી કુબેરભાઈ મનસુખભાઈ ડીંડોર

**ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતો**

શ્રી કુબેરભાઈ મનસુખભાઈ ડીંડોર ૧૨૩-સંતરામપુર (મહીસાગર) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેઓનો જન્મ તા. ૦૧ જૂન ૧૯૭૦ના રોજ મહિસાગર જિલ્લાના, સંતરામપુર તાલુકાના ભંડારા ખાતે થયો છે. તેમણે એમ.એ., પીએચ.ડી.નો અભ્યાસ કરેલો છે. તેઓ શિક્ષણના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ લેખન, વાંચન અને ક્રિકેટનો શોખ ધરાવે છે.



### શ્રી કીર્તિસિંહ પ્રભાતસિંહ વાઘેલા

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢશિક્ષણ**

શ્રી કીર્તિસિંહ પ્રભાતસિંહ વાઘેલા, ૧૫-કાંકરેજ મત વિભાગ (બનાસકાંઠા) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ ૧લી જૂન, ૧૯૬૯ના રોજ ચાણસ્માના આકબા ગામે થયો હતો. તેમણે અન્ડર ગ્રેજ્યુએટ સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓ ખેતી અને પશુપાલન વ્યવસાય સાથે



સંકળાયેલા છે. પ્રદેશ ઉપાધ્યક્ષ, કિસાન મોરચો, ભારતીય જનતા પક્ષ; પ્રદેશ મંત્રી, કિસાન મોરચો, ભા.જ.પ.; જિલ્લા મહામંત્રી, કિસાન મોરચો, ભા.જ.પ. બનાસકાંઠા; મહામંત્રી, ભા.જ.પ. કાંકરેજ તાલુકા; પ્રમુખ, યુવા મોરચો ભા.જ.પ. કાંકરેજ તાલુકા; બુથ પ્રમુખ, ખારિયા ગામ, તા. કાકરેજ, ભા.જ.પ., ભા.જ.પ.ના પાયાના કાર્યકર્તા તરીકે વિવિધ જવાબદારીઓ વહન કરી છે. તેઓ લેખન, વાંચન, સાહિત્ય, સંગીત અને પ્રવાસનો શોખ ધરાવે છે.



### શ્રી ગજેન્દ્રસિંહ ઉદેસિંહ પરમાર

**અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહક સુરક્ષાની બાબતો**

શ્રી ગજેન્દ્રસિંહ ઉદેસિંહ પરમાર, ૩૩ પ્રાંતિજ મત વિભાગ (સાબરકાંઠા) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ ૨૪ જાન્યુઆરી, ૧૯૭૮ના રોજ થયો હતો. તેમણે ટી.વાય.બી.એ. સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓ ખેતી અને પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ વાંચન અને ક્રિકેટનો શોખ ધરાવે છે.



### શ્રી રાઘવભાઈ સી. મકવાણા

**સામાજિક ન્યાય અને અધિકારિતા**

શ્રી રાઘવભાઈ સી. મકવાણા, ૯૯-મહુવા મતવિભાગ (ભાવનગર) મત વિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ તા.૦૮ ઓક્ટોબર ૧૯૭૦ના રોજ મહુવા તાલુકાના પઢિયારકા ખાતે થયો છે. તેમણે ડિપ્લોમા એન્જિનિયરિંગનો પ્રથમ વર્ષ સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓ ટ્રાન્સપોર્ટ, વેપાર અને ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ લોકસાહિત્ય અંગેનું વાંચન અને રમત-ગમતનો શોખ ધરાવે છે.



### શ્રી વિનોદભાઈ અમરશીભાઈ મોરડિયા

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ**

શ્રી વિનોદભાઈ અમરશીભાઈ મોરડિયા, ૧૬૬-કતારગામ મત વિભાગ (સુરત) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ ૧૦ જુલાઈ, ૧૯૬૭ના રોજ સરવઈ ખાતે થયો હતો. તેમણે એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓ ખેતી અને સમાજસેવાના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમણે નગરસેવક, સુરત મહાનગરપાલિકા, ૨૦૦૫-૧૦, ૨૦૧૦-૧૫, અને સન ૨૦૧૫થી કાર્યરત. ચેરમેન, ટાઉન પ્લાનિંગ સમિતિ, સુરત મહાનગરપાલિકા. સભ્ય, અખંડ આનંદ ક્રેડિટ સોસાયટી લિમિટેડ જેવી વિવિધ જવાબદારીઓ વહન કરી છે. તેઓ સમાજસેવા અને ઘોડેસવારી જેવા શોખ ધરાવે છે.



### શ્રી દેવાભાઈ પુંજાભાઈ માલમ

**પશુપાલન અને ગૌ-સંવર્ધન**

શ્રી દેવાભાઈ પુંજાભાઈ માલમ, ૮૮-કેશોદ મત વિભાગ (જૂનાગઢ) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ તા.૧૨ જાન્યુઆરી ૧૯૫૯ના રોજ માંગરોળ તાલુકાના થલી ખાતે થયો છે. તેમણે અન્ડર મેટ્રિક સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓ ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ પ્રાથમિક કૃષિ સહકારી મંડળીના પ્રમુખપદે સેવાઓ આપી રહ્યા છે. તેઓ પ્રવાસ અને સમાજસેવાનો શોખ ધરાવે છે.



**શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનના રાજ્યના વડાઓની કાઉન્સિલની**
**૨૧મી સમિટમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સંબોધન**




# કટ્ટરવાદ સામે લડવું એ માત્ર પ્રાદેશિક સુરક્ષા અને પરસ્પર વિશ્વાસ માટે જરૂરી નથી, તે આપણી યુવા પેઢીઓના ઉજ્જ્વળ ભવિષ્ય માટે પણ જરૂરી છે

મહાનુભાવો,

નમસ્તે!

શરૂઆતમાં, હું એસસીઓ કાઉન્સિલના સફળ અધ્યક્ષપદે રાષ્ટ્રપતિ રહમોનને અભિનંદન આપું છું. સંસ્થાએ તાજિક પ્રેસિડેન્સીમાં પડકારરૂપ વૈશ્વિક અને પ્રાદેશિક વાતાવરણમાં અસરકારક રીતે સંચાલન કર્યું છે. તાજિકિસ્તાનની આઝાદીની ૩૦મી વર્ષગાંઠના આ વર્ષમાં, સમગ્ર ભારત વતી, હું તમામ તાજિક ભાઈઓ અને બહેનોને અને રાષ્ટ્રપતિ રહમોનને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું.

મહાનુભાવો, આ વર્ષે અમે SCOની ૨૦મી વર્ષગાંઠ પણ ઊજવી રહ્યા છીએ. આ શુભ પ્રસંગે નવા મિત્રો અમારી સાથે જોડાઈ રહ્યા છે તે ખુશીની વાત છે. હું SCOના નવા સભ્ય રાજ્ય તરીકે ઈરાનનું સ્વાગત કરું છું. હું ત્રણ નવા ડાયલોગ પાર્ટનર - સાઉદી અરેબિયા, ઈજિપ્ત અને કતારનું પણ સ્વાગત કરું છું. SCOનું વિસ્તરણ અમારી સંસ્થાનો વધતો પ્રભાવ દર્શાવે છે. નવા સભ્યો અને ડાયલોગ પાર્ટનરથી એસસીઓ પણ વધુ મજબૂત અને વધુ વિશ્વસનીય બનશે.

મહાનુભાવો, SCOની ૨૦મી વર્ષગાંઠ પણ આ સંસ્થાના ભવિષ્ય વિશે વિચારવાનો યોગ્ય પ્રસંગ છે. હું માનું છું કે આ ક્ષેત્રમાં સૌથી મોટા પડકારો શાંતિ, સુરક્ષા અને વિશ્વાસની ખોટ સાથે સંબંધિત છે.

અને આ સમસ્યાઓનું મૂળ કારણ વધતો કટ્ટરવાદ છે, અફઘાનિસ્તાનમાં તાજેતરના ઘટનાક્રમથી આ પડકાર વધુ સ્પષ્ટ થયો છે. SCO એ આ મુદ્દે પહેલ કરવી જોઈએ. જો આપણે ઈતિહાસ પર નજર કરીએ તો આપણને જણાશે કે મધ્ય એશિયાનો પ્રદેશ એક પ્રકારનો કિલ્લો, મધ્યમ અને પ્રગતિશીલ સંસ્કૃતિ અને મૂલ્યોનો કિલ્લો રહ્યો છે.



સૂફીવાદ જેવી પરંપરાઓ અહીં સદીઓથી વિકસિત થઈ અને સમગ્ર પ્રદેશ અને વિશ્વમાં ફેલાઈ ગઈ.

આ પ્રદેશના સાંસ્કૃતિક વારસામાં તેમની છબી આપણે હજુ પણ જોઈ શકીએ છીએ. મધ્ય એશિયાના આ ઐતિહાસિક વારસાના આધારે, SCOએ કટ્ટરપંથી અને ઉગ્રવાદ સામે લડવાનો એક સામાન્ય નમૂનો વિકસાવવો જોઈએ. ભારતમાં, અને SCOના લગભગ તમામ દેશોમાં, મધ્યમ, સહિષ્ણુ અને સમાવેશી સંસ્થાઓ અને ઈસ્લામ સાથે સંકળાયેલી પરંપરાઓ છે.

એસસીઓએ તેમની વચ્ચે મજબૂત નેટવર્ક વિકસાવવા માટે કામ કરવું જોઈએ. આ સંદર્ભમાં, હું SCOના RATS મિકેનિઝમ દ્વારા કરવામાં આવી રહેલા ઉપયોગી કાર્યની પ્રશંસા કરું છું. SCO-RATSના પ્રમુખપદ દરમિયાન ભારતમાં પ્રસ્તાવિત પ્રવૃત્તિઓના કેલેન્ડર પર અમે તમામ SCO ભાગીદારોના સક્રિય સહયોગની આશા રાખીએ છીએ.

મહાનુભાવો, કટ્ટરવાદ સામે લડવું એ માત્ર પ્રાદેશિક સુરક્ષા અને પરસ્પર વિશ્વાસ માટે જરૂરી નથી, તે આપણી યુવા પેઢીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે પણ જરૂરી છે વિકસિત વિશ્વ સાથે સ્પર્ધા કરવા માટે આપણા પ્રદેશને ઊભરતી ટેકનોલોજીમાં હિસ્સેદાર બનવાની જરૂર છે.

આ માટે આપણે આપણા પ્રતિભાશાળી યુવાનોને વિજ્ઞાન અને તર્કસંગત વિચારસરણી તરફ પ્રોત્સાહિત કરવા પડશે. આપણે આપણા ઉદ્યોગસાહસિકો અને સ્ટાર્ટ-અપ્સને એકબીજા સાથે જોડીને આ પ્રકારની વિચારસરણી, આ પ્રકારની નવીન ભાવનાને પ્રોત્સાહન આપી શકીએ છીએ. આ વિચારસરણી સાથે, ગયા વર્ષે ભારતે પ્રથમ SCO સ્ટાર્ટ-અપ ફોરમ અને યંગ સાયન્ટિસ્ટ્સ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું.

વર્ષોથી, ભારતે તેની વિકાસયાત્રામાં સફળતાપૂર્વક ટેકનોલોજીનો સહારો લીધો છે. નાણાકીય સમાવેશને વધારવા માટે યુપીઆઈ અને રૂપે કાર્ડ જેવી ટેકનોલોજી હોય કે કોવિડ સામેની આપણી લડાઈમાં આરોગ્ય સેતુ અને કોવિન જેવા ડિજિટલ પ્લેટફોર્મ, આ બધું આપણે સ્વેચ્છાએ શેર કર્યું છે. અન્ય દેશો સાથે વહેંચાયેલ. SCO ભાગીદારો સાથે આ ઓપન સોર્સ ટેકનોલોજી શેર કરવામાં અને તેના માટે ક્ષમતાનિર્માણનું આયોજન કરવામાં પણ અમને આનંદ થશે.

મહાનુભાવો, કટ્ટરવાદ અને અસુરક્ષાને કારણે આ પ્રદેશની વિશાળ આર્થિક સંભાવના પણ બિનઉપયોગી રહી છે. ખનિજ સંપત્તિ હોય કે ઈન્ટ્રા-એસસીઓ વેપાર, તેનો સંપૂર્ણ લાભ લેવા માટે, આપણે પરસ્પર જોડાણ પર ભાર મૂકવો પડશે. ઇતિહાસમાં મધ્ય એશિયાની ભૂમિકા મુખ્ય પ્રાદેશિક બજારો વચ્ચે જોડાણ સેતુની રહી છે. આ પ્રદેશની સમૃદ્ધિનો આધાર પણ હતો.

ભારત મધ્ય એશિયા સાથે જોડાણ વધારવા માટે પ્રતિબદ્ધ છે. અમે માનીએ છીએ કે લેન્ડ લોક સેન્ટ્રલ એશિયન દેશો ભારતના વિશાળ બજાર સાથે જોડાઈને ઘણો ફાયદો કરી શકે છે. કમનસીબે, ઘણા કનેક્ટિવિટી વિકલ્પો આજે તેમના માટે ખુલ્લા નથી. ઈરાનના ચાબહાર પોર્ટમાં અમારું રોકાણ અને આંતરરાષ્ટ્રીય ઉત્તર-દક્ષિણ કોરિડોર તરફના અમારા પ્રયત્નો આ વાસ્તવિકતાથી પ્રેરિત છે.

મહાનુભાવો, કોઈ કનેક્ટિવિટી પહેલ વન-વે સ્ટ્રીટ ન હોઈ શકે. પરસ્પર વિશ્વાસ સુનિશ્ચિત કરવા માટે કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સ સલાહકાર, પારદર્શક અને સહભાગી હોવા જોઈએ. તમામ દેશોની પ્રાદેશિક અખંડિતતા માટે આદર હોવો જોઈએ. આ સિદ્ધાંતોના આધારે SCOએ પ્રદેશમાં કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સ માટે યોગ્ય ધારાધોરણો વિકસાવવાં જોઈએ. આમાંથી આપણે આ પ્રદેશની પરંપરાગત જોડાણ પુનઃસ્થાપિત કરી શકીશું. અને પછી જ કનેક્ટિવિટી આપણને જોડવાનું કામ કરશે, આપણી વચ્ચે અંતર વધારવા માટે નહીં. આ પ્રયાસ માટે, ભારત પોતાના તરફથી દરેક પ્રકારનું યોગદાન આપવા માટે તૈયાર છે.

મહાનુભાવો, SCOની સફળતાનું એક મુખ્ય કારણ એ છે કે તેનું મુખ્ય ધ્યાન પ્રદેશની પ્રાથમિકતાઓ પર રહ્યું છે. સંબંધો અંગેનાં મારાં સૂચનો એસસીઓની આ ભૂમિકાને વધુ મજબૂત બનાવશે. મારી વાત પૂરી કરું તે પહેલાં, હું આપણા યજમાન રાષ્ટ્રપતિ રહમોનનો ફરી એકવાર આભાર માનું છું. તેમણે આ હાઈબ્રિડ ફોર્મેટના પડકારો હોવા છતાં પરિષદનું આયોજન અને સંચાલન કર્યું છે. હું આગામી અધ્યક્ષ ઉઝબેકિસ્તાનને પણ શુભેચ્છાઓ પાઠવું છું અને ભારતના સહકારની ખાતરી આપું છું.

ખૂબ ખૂબ આભાર!



**રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ગુજરાતના વિકાસ, સમૃદ્ધિ અને શાંતિ માટે યશસ્વી કાર્યકાળ માટે શુભકામનાઓ વ્યક્ત કરતા શ્રી અમિતભાઈ શાહ**



# ગુજરાતના પ્રત્યેક મુખ્યમંત્રીએ રાજ્યમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે સાતત્યપૂર્ણ રીતે પ્રયત્નો કરીને કર્ફ્યુરાજમાંથી અને સાથે સાથે છાશવારે થતાં રમખાણોમાંથી ગુજરાતને મુક્તિ અપાવી છે - શ્રી અમિતભાઈ શાહ

૧૬ સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર લોકસભાના પ્રજાવત્સલ સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે અને રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં ૫.૫૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ તેલાવ ખાતે નાયબ પોલીસ અધિક્ષકશ્રીની કચેરી સાણંદ વિભાગ, ડોગ સ્કવોડ કચેરી સાણંદ તથા ચાંગોદર પોલીસ સ્ટેશન, સાણંદ જીઆઈડીસી પોલીસ સ્ટેશનના નવનિર્મિત બિલ્ડિંગનું ઈ-લોકાર્પણ ઉપરાંત કેરાળા જીઆઈડીસી, નળ સરોવર અને હાંસલપુર પોલીસ સ્ટેશનનો ઈ-શુભારંભ કરવામાં આવ્યો હતો.

શ્રી અમિતભાઈ શાહે આ પ્રસંગે સમગ્ર ગુજરાત અને દેશની જનતાને ગણેશ ઉત્સવની શુભકામનાઓ પાઠવતાં કહ્યું હતું કે ગુજરાત રાજ્યના નવનિર્વાચિત મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મારા મતક્ષેત્રના અમદાવાદ જિલ્લાના કાર્યક્રમમાં સૌપ્રથમ ઉપસ્થિત રહ્યા છે તેમને હું આવકારું છું. આ ઉપરાંત તેઓએ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ગુજરાતના વિકાસ, સમૃદ્ધિ અને શાંતિ માટે યશસ્વી કાર્યકાળ માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી. તેઓએ કહ્યું હતું કે રાજ્ય અને કેન્દ્રની ભાજપા સરકારોએ હંમેશા નાગરિકોની સુરક્ષા તેમજ રાજ્ય અને દેશની શાંતિ જળવાઈ રહે તેને પ્રાથમિકતા આપીને અસંખ્ય પગલાંઓ લીધાં છે. તેઓએ કહ્યું હતું કે સેતુ એપ્લિકેશન, શી ટીમ અને પોલીસ અધિક્ષકશ્રીની નવનિર્મિત કચેરી, નવનિર્મિત પોલીસ સ્ટેશન તથા ડોગ સ્કવોડ કચેરીના પરિણામે આ વિસ્તારમાં લૉ એન્ડ ઑર્ડરની પરિસ્થિત સુદૃઢ બનશે.

તેમણે કહ્યું હતું કે ગુજરાત પોલીસ દ્વારા કાર્યરત આશ્વસ્ત અને વિશ્વાસ જેવા સ્પેશિયલ પ્રોજેક્ટ ગુજરાતની જનતાની સુરક્ષા અને સમૃદ્ધિ માટે નિરંતર આપણે આગળ વધી રહ્યા છીએ. આ ઉપરાંત શી ટીમ અને દૂત એપ્લિકેશનની મદદથી મહિલાઓની સુરક્ષા વધુ સુદૃઢ અને પરિણામલક્ષી બનશે. તેઓએ કહ્યું હતું કે ચાંગોદર, સાણંદ અને કેરાળા જીઆઈડીસી વિસ્તારમાં મહત્ત્વના ઔદ્યોગિક






એકમો આવેલા છે અને આ એકમો ગુજરાતના ઓદ્યોગિક વિકાસમાં ખૂબ અગત્યતા ધરાવે છે. આ વિસ્તારો લેબર કેચમેન્ટ ધરાવતા હોવાથી આ ક્ષેત્રમાં કાયદો અને વ્યવસ્થા સુચારુ રૂપે જળવાઈ રહે તથા નાગરિકોને શાંતિ અને સલામતીની પ્રતીતિ થાય તે માટે આ નવનિર્મિત પ્રકલ્પો ખૂબ મદદરૂપ પુરવાર થશે. તેઓએ કહ્યું હતું કે અમદાવાદ જિલ્લા સાથે અન્ય સાત જિલ્લાની સરહદ જોડાયેલ છે, ઉપરાંત રાજકોટ અને સૌરાષ્ટ્રને જોડતો ધોરીમાર્ગ પણ અહીંથી પસાર થાય છે. આ માટે ૫.૫૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ આ પોલીસ સ્ટેશનની વ્યવસ્થાના માધ્યમથી અમદાવાદ જિલ્લાની સુરક્ષા સુનિશ્ચિત થશે.

તેમણે કહ્યું હતું કે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પ્રણાલી મજબૂત કરવા અનેક પગલાંઓ લીધાં છે. રાજ્યનાં તમામ પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટર દ્વારા જોડાણ, રક્ષાશક્તિ યુનિવર્સિટીની સ્થાપના, સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સની અનેક કંપનીઓ શરૂ કરી. આ ઉપરાંત પોલીસ ફોર્સમાં શૂન્ય રિક્ત સ્થાનની સંકલ્પના સાથે દર વર્ષે ૬ હજાર કોન્સ્ટેબલ અને ૧ હજાર પોલીસ સબ ઈન્સ્પેક્ટરની સમયાંતરે ભરતી કરવામાં આવી છે. તેઓએ કહ્યું હતું કે સમગ્ર દેશમાં સૌથી વધુ હાઉસિંગ સેટિસ્ફેક્શન રેશિયો ગુજરાત ધરાવે છે.

શ્રી અમિતભાઈ શાહે ઉમેર્યું હતું કે એક જમાનામાં ગુજરાત કર્ફ્યુ કેપિટલ માટે જાણીતું હતું પરંતુ ભાજપ સરકારની નીતિરીતિ અને કડક કાયદો અને વ્યવસ્થા જાળવવાની પ્રણાલીના પરિણામે છેલ્લાં ૨૦ વર્ષથી ગુજરાતે કર્ફ્યુ જોયો નથી. ગુજરાતના પ્રત્યેક મુખ્યમંત્રીએ રાજ્યમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે સાતત્યપૂર્ણ રીતે પ્રયત્નો કરીને કર્ફ્યુરાજમાંથી અને સાથે સાથે છાશવારે થતાં રમખાણોમાંથી ગુજરાતને મુક્તિ અપાવી છે. અગાઉના સમયમાં પોરબંદર જિલ્લામાં બોર્ડ લાગેલાં રહેતાં કે અહીં કાયદો અને વ્યવસ્થાની હદ પૂરી થાય છે. ભાજપાના શાસન બાદ આવા તમામ વિસ્તારોમાંથી ઓર્ગેનાઈઝ ક્રાઈમ, ગુન્હેગારો અને સમાજની શાંતિ અને સલામતી માટે જોખમી એવાં તમામ તત્ત્વોને જેર કરીને ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મજબૂત કરવામાં આવી છે, જેના કારણે ગુજરાતે ઉદ્યોગિક વિકાસમાં હરણફાળ ભરી છે. તેઓએ કહ્યું હતું કે ગુજરાત પોલીસ આધુનિક ટેકનોલોજીથી સુસજ્જ બને તે માટે રાજ્યની ભાજપા સરકારે ''વિશ્વાસ'', ''આશ્વસ્ત'' જેવા પ્રોજેક્ટ કાર્યરત કરવા ઉપરાંત સાઈબર ક્રાઈમ નાથવા સ્પેશિયલ યુનિટ, બોડી વોર્ન કેમેરા, નાઈટ વિઝન ડ્રોન તથા ૬૧૦૦૦ જેટલી પોલીસ ફોર્સની ભરતી જેવા સાતત્યપૂર્ણ પ્રયાસો કર્યા છે.

તેમણે ઉમેર્યું હતું કે રાજ્યમાં કાનૂની ઢાંચાની મજબૂતાઈ અને સમર્થન માટે પણ ગુજસિટોક, મરીન પોલીસ, સ્પેશિયલ યુનિટ જેવા કાયદાનાં સંશોધનો દ્વારા ભાજપા સરકારે બહુઆયામી પ્રયાસો કર્યા છે. અંતમાં તેમના સંસદીય ક્ષેત્રમાં નાગરિકોની સુરક્ષા અને સમૃદ્ધિ માટે થઈ રહેલાં વિકાસકાર્યો માટે રાજ્યની ભાજપા સરકાર અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતની શાંતિ, સલામતી અને સમૃદ્ધિ માટેનો માર્ગ અને કાર્યસંસ્કૃતિ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સતત આગળ ધપાવશે તેવો શ્રી શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

●





## શ્રી નરેન્દ્રભાઈ મોદીનો ૭૧મો જન્મદિવસ 'ગરીબોની બેલી સરકાર' તરીકે ઊજવાયો

# ગરીબોના વિકાસના નામે થાગડ-થીગડ યોજનાઓ બનાવી ગરીબોના નામે વાહવાહી મેળવવાના યુગનો ગરીબોના બેલી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અંત લાવી દીધો છે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની જે બુનિયાદ રચી છે તેના કેન્દ્રમાં ગરીબ, વંચિત, અંત્યોદય અને છેવાડાના માનવીના શિક્ષણ, આરોગ્ય, આવાસ અને માળખાકીય સુવિધાઓને પ્રાયોરિટી આપી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૧મા જન્મદિવસે 'ગરીબોની બેલી સરકાર' અન્વયે આયોજિત ગરીબ હિતકારી સેવા કાર્યક્રમનો રાજ્યવ્યાપી પ્રારંભ મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદથી કરાવ્યો હતો.

સમગ્ર રાજ્યમાં જિલ્લા-તાલુકા-નગર-મહાનગર કક્ષાએ ૪૦૦ જેટલા આવા કાર્યક્રમોના આયોજનથી ઉજ્જવલા ૨.૦ યોજનામાં વિનામૂલ્યે ગેસ કનેક્શન, નિરાધાર બાળકોને મુખ્યમંત્રી બાળ સેવા યોજના અંતર્ગત સહાય તેમજ ગ્રામીણ સ્વચ્છતા-સફાઈનાં વ્યાપક કામો અને શહેરી સ્લમ વિસ્તારમાં પંડિત દીનદયાળ ઔષધાલયનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

તેમણે જણાવ્યું કે, ગરીબોના વિકાસના નામે થાગડ-થીગડ યોજનાઓ બનાવી ગરીબોના નામે વાહવાહી મેળવવાના યુગનો ગરીબોના બેલી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અંત લાવી દીધો છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, પ્રધાનમંત્રીશ્રીના ૭૧મા જન્મદિવસે ગરીબોના બેલી તરીકે આપણે ઘર-ઘર શૌચાલય, ઉજ્જવલા યોજના-૨, પંડિત દીનદયાળ ઔષધાલય યોજના સહિતની ગરીબલક્ષી યોજનાઓનો વિસ્તાર કરી રહ્યા છીએ. તેમણે કહ્યું કે ઉજ્જવલા યોજના -૨.૦ અંતર્ગત ગુજરાતમાં પાંચ લાખથી વધુ ગરીબ પરિવારોને રાંધણ ગેસ કનેક્શન આપવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના પ્રથમ તબક્કામાં ગુજરાતના ૨૯ લાખ કુટુંબોને લાભ મળ્યો છે.

તેમણે કહ્યું કે, કોઈ ગરીબ ભૂખ્યો ન સૂવે તેની કાળજી પ્રધાનમંત્રીશ્રીના નેતૃત્વની કેન્દ્ર સરકારે રાખી છે અને ૭૧લાખ અંત્યોદય ગરીબ પરિવારના સાડા ત્રણ કરોડ લોકોને વિના મૂલ્યે અનાજ વિતરણ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં આપણે રૂા. ૩,૩૩૮ કરોડ રૂપિયાનું અનાજ ગરીબોને વિના મૂલ્યે આપ્યું છે. સાથે જ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ૩.૫૦ કરોડ લોકોને વિનામૂલ્યે રાશન પણ પૂરું પાડવામાં આવ્યું છે.

તેમણે કહ્યું કે, આઝાદીના ૭૦ વર્ષ પછી દેશના કોઈ પ્રધાનમંત્રીએ નિર્ણય કર્યો કે આપણો દેશ સ્વચ્છ હોય અને ખુલ્લામાં શૌચક્રિયાથી મુક્તિ માટેનું અભિયાન શરૂ કરવામાં આવ્યું. આ અભિયાન હેઠળ ગુજરાતમાં કુલ ૩૭ લાખથી વધુ શૌચાલયોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, ગુજરાતમાં અત્યાર સુધીમાં પાંચ લાખ વ્યક્તિગત શૌચાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે અને ૨૦૧૭માં ગુજરાત ઓપન ડિફેક્શન ફ્રી રાજ્ય બન્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, જ્યાં માનવી ત્યાં સુવિધા એ આપણો મંત્ર છે. આ ધ્યેયમંત્રને ચરિતાર્થ કરતાં રાજ્યનાં મહાનગરોમાં સ્લમ એરિયામાં શ્રમિકને ઘરની નજીકમાં આરોગ્ય સુવિધા મળી રહે તે માટે ૨૫૦ જેટલા પંડિત દીનદયાળ ઔષધાલયનો શુભારંભ કરવામાં આવી રહ્યો છે. આ ઔષધાલયોમાં ગરીબો-શ્રમિકો અને શ્રમજીવીઓને વિનામૂલ્યે દવા અને તબીબી સારવાર મળશે. મુખ્યમંત્રીશ્રીએ કોરોનાકાળમાં માતા અથવા પિતા ગુમાવનારા નિરાધાર બાળકોને સહાય યોજનાની વિગતો આપી હતી. કોરોનાકાળમાં તેમ જ ગંભીર બીમારીથી માતા-પિતા ગુમાવી ચૂકેલા ૧૭૬ તેમજ માતા કે પિતા બેમાંથી કોઈ એકનું અવસાન થયું હોય તેવા ૮,૫૦૦ આમ કુલ ૮,૬૭૬ નિરાધાર બાળકોને સહાયની ચુકવણી સીધી જ બેંક ખાતામાં કરવામાં આવી રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ કોરોના રસીકરણ અભિયાન અંગે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના જન્મદિવસે રાજ્યભરમાં વેક્સિનેશન મહાઅભિયાન આદરીને ૧૦૦ ટકા રસીકરણ પૂર્ણ કરનારા ૭૧૦૦ ગામોના સરપંચોને સન્માનપત્ર અપાશે તેમ તેમણે ઉમર્યું હતું.

•






# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૧મા જન્મદિવસે ગુજરાત ભાજપ દ્વારા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલની અધ્યક્ષતામાં સામાજિક કાર્યો દ્વારા સેવા કાર્ય







































## વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ તરફથી ૮૫૦૦ સર્વાઈકલ pap ટેસ્ટ માટેનો રેકોર્ડ - ગુજરાત ભાજપાને પ્રદેશ કાર્યાલય ખાતે પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ ૧૭ સપ્ટેમ્બરના રોજ ગુજરાત ભાજપા દ્વારા મેડિકલ સેલ અને મહિલા મોરચાએ સાથે મળીને ૧૭૦ ડૉક્ટરની ટીમ અને ૪૦૦ જેટલા બીજા સહાયકોની ટીમ સાથે ગુજરાતમાં એક સાથે એક દિવસે મહિલાઓ માટે સર્વાઇકલ કેન્સર papના માટેનું અભિયાન હાથ ધરવામાં આવ્યું જેમાં એક જ દિવસમાં ૮૫૦૦ ટેસ્ટ કરવામાં આવ્યા જેનું સ્થાન વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ લંડન અને યુનાઈટેડ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ યુ.એસ.એ.માં મળ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ આ રેકોર્ડ ડરબન ખાતે ૨૦૦૦ મહિલાઓનો હતો. પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલને પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો જેમાં ડૉક્ટર સેલના સંયોજક શ્રી ધર્મેન્દ્રભાઈ ગજ્જર, પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષા શ્રીમતી ડૉ. દીપિકાબેન સરડવા સહિત ડૉક્ટરસેલ અને મહિલા મોરચાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાષ્ટ્રીય મહામંત્રી શ્રી તરૂણ ચૂગજીએ પ્રદેશના હોદ્દેદારશ્રીઓ, પ્રદેશના તમામ મોરચાના પ્રમુખશ્રીઓ સાથે બેઠક યોજી હતી




પ્રદેશ કાર્યાલય ‘શ્રી કમલમ્’ ખાતે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય મહામંત્રી શ્રી તરૂણ ચૂગજીએ પ્રદેશના હોદ્દેદારશ્રીઓ, પ્રદેશના તમામ મોરચાના પ્રમુખશ્રીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠક પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલની અધ્યક્ષતા અને રાષ્ટ્રીય મહામંત્રીશ્રી તરૂણ ચૂગજીની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

આ બેઠકમાં રાષ્ટ્રીય મહામંત્રી શ્રી તરૂણ ચૂગજીએ જણાવ્યું કે પેજ કમિટીથી લઈ સંગઠન સુધી તમામ હોદ્દેદારશ્રીઓ સાથે મુલાકાત કરવાનો અવસર મળ્યો. ગુજરાત રાજ્યએ પેજ કમિટીના માધ્યમથી અન્ય રાજ્યોને પણ દિશા બતાવી છે. પહેલાં આપણું ફોકસ બુથ કમિટી પર હતું જે હવે પેજ કમીટી પર કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ પેજ સમિતિના માધ્યમથી સમગ્ર દેશમાં ભારતીય જનતા પાર્ટીના સંગઠનને દિશા બતાવી છે જે ખૂબ સરાહનીય છે.

શ્રી તરૂણ ચૂગજીએ વધુમાં જણાવ્યું કે જે પેજ કમિટીના કાર્યકર્તા આપણી સાથે જોડાયા છે તે વૈચારિક રીતે જોડાય જે જોવાની જવાબદારી પ્રદેશના હોદ્દેદારશ્રીઓની છે અને ભાજપની ટીમ સમવૈચારિક કાર્યકરોની ટીમ બને તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. શ્રી તરૂણ ચૂગજીએ કોરોના અને રાજ્યમાં આવેલ આફત સમયે સંગઠન જે રીતે કામ કર્યું તે અંગે અભિનંદન પાઠવ્યાં હતાં.






# ગુજરાતમાં રૂ.૩૬ હજાર કરોડના ખર્ચે ૪૨૩ કિ.મી.ના આઠ લેનના પ્રથમ તબક્કામાં ૧૩૨ કિ.મી. પૈકી ૪૦ ટકા કામ પૂર્ણ થયું છે - કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રીશ્રી નીતિન ગડકરી

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રીશ્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતુ કે, દિલ્હી મુંબઈ ગ્રીન હાઈવે વિશ્વનો સૌથી મોટો હાઈવે છે. જેનું રૂ.એક લાખ કરોડના ખર્ચે નિર્માણ થઈ રહ્યું છે. ગુજરાતમાં કેન્દ્ર સરકાર દ્વારા હાલમાં રૂ.૧.૨૫ લાખ કરોડનાં માર્ગોનાં કામો ચાલી રહ્યાં છે અને વધુ રૂ.૧.૨૫ લાખ કરોડનાં કામો મંજૂર કરવામાં આવ્યાં છે. તેમણે જણાવ્યું કે, દિલ્હી મુંબઈ ગ્રીન હાઈવેનું નિર્માણ કાર્ય પૂર્ણ થતાં વડોદરાથી મુંબઈ માત્ર સાડા ત્રણ કલાકમાં પહોંચી જવાશે. આ માર્ગને નરીમાન પોઈન્ટ સુધી લંબાવવામાં આવશે તેમ તેમણે ઉમેર્યું હતું.

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રીશ્રી નીતિન ગડકરીએ વડોદરા નજીક દુમાડ ચોકડી ખાતે રૂ.૩૪.૫૦ કરોડના ખર્ચે રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૪૮ અને એક્સપ્રેસ વે ૫ર વડોદરા-સાવલી જંક્શનના સુધાર કામનું વન અને પર્યાવરણ મંત્રીશ્રી કિરીટસિંહ રાણા, સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટની ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત કર્યું હતું. આ કામગીરી પૂર્ણ થતાં દુમાડ ચોકડી ઉપર ટ્રાફિકની વર્ષો જૂની સમસ્યાનું કાયમી નિરાકરણ થશે. તેમણે જણાવ્યું કે, દિલ્હી મુંબઈ ગ્રીન હાઈવે ગુજરાતના વિકાસ માટે મહત્વપૂર્ણ હાઈ-વે છે. ગુજરાતમાં રૂ.૩૬ હજાર કરોડના ખર્ચે ૪૨૩



કિ.મી.ના આઠ લેનના પ્રથમ તબક્કામાં ૧૩૨ કિ.મી.પૈકી ૪૦ ટકા કામ પૂર્ણ થયું છે. વડોદરા અંકલેશ્વર ૧૦૦ કિ.મી. માર્ગનું કામ વર્ષ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ થશે. આ માર્ગ પર યાત્રિકો માટે ૩૩ સ્થળોએ વિવિધ સુવિધાઓ ઊભી કરવામાં આવશે. એટલું જ નહિ ભવિષ્યમાં આ માર્ગ પર લોકો અને માલસામાનની હેરફેર ડ્રોનથી થાય તેવી સુવિધા વિકસાવવામાં આવશે.


તેમણે ઉમેર્યું, ધોલેરા અમદાવાદ એક્સપ્રેસ વે રૂ.૩ હજાર કરોડના ખર્ચે નિર્માણ કરવામાં આવશે. ગુજરાત સહિત દેશભરમાં નિર્માણ થઈ રહેલ વિવિધ માર્ગોની વિગતો તેમણે આપી હતી.

વધુમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વિકાસને નવી દિશા આપી હતી. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશ આત્મનિર્ભર બનવા તરફ આગળ વધી રહ્યો છે. વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણાએ જણાવ્યું કે, સમાજના છેવાડાના માનવીના સર્વાંગી વિકાસ માટે સરકાર પ્રતિબદ્ધ છે. તેમણે પર્યાવરણના જતન માટે મહત્તમ વૃક્ષારોપણ કરવા અને કોરોનામુક્ત ગુજરાત માટે સૌને કોરોના રસી અવશ્ય લેવા અનુરોધ કર્યો હતો.

સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટે પ્રધાનમંત્રીશ્રીના જન્મદિવસે દુમાડ ચોકડી ખાતે બ્રિજના કામનું ખાતમુહૂર્ત થયું એ ગૌરવ અને આનંદની વાત છે એવી લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું કે, દેણા અને છાણી બ્લેક સ્પોટનું કામ ટૂંક સમયમાં શરૂ કરવાની પણ મંત્રીશ્રીએ સૂચના આપી છે. •



**દીનદયાળજીએ યુવાવસ્થામાં પોતાના મામાને લખેલો પત્ર આજે પણ પ્રેરણારૂપ છે**



# ‘આપના એક દીકરાને રાષ્ટ્ર માટે નહીં આપી શકો ?’

દેશભરમાં ‘અંગ્રેજો ભારત છોડો’ અને ‘કરેંગે યા મરેંગે’ના નારા ગાજી રહ્યા હતા. કોઈપણ સંજોગમાં ભારત અંગ્રેજોની બેડીઓમાંથી મુક્ત થવા મક્કમ બન્યો હતો. આવા વાતાવરણમાં એક યુવાનના મનમાં ગડમથલ ચાલી રહી હતી : નોકરી કરી એશોઆરામભરી જિંદગી જીવવી કે ભારતમાતાની સર્વાંગીણ ઉન્નતિ કાજે પોતાનું જીવન માભોમના ચરણે સમર્પિત કરી દેવું ? એની પાસે તેજસ્વી કારકિર્દીવાળાં પ્રમાણપત્રો હતાં. એ યુવાન પાંચ વર્ષનો હતો ત્યારે જ માતાપિતાનું મૃત્યુ થયું હતું. મામાના ઘરે રહીને ભણ્યો હતો. એસ.એસ.સી.થી માંડીને એમ.એ. સુધીની બધી જ પરીક્ષામાં પ્રથમ સ્થાને આવેલો. એ જમાનામાં આવી ઊંચી ડિગ્રીવાળાને ઉચ્ચ પદની સરકારી નોકરી તરત જ મળી જતી. વળી, આ યુવાનની તો પ્રતિભા જ એવી હતી કે એને સામે ચાલીને નોકરી માટે બોલાવનારાઓ પણ ઘણા હતા.

મામાની ઈચ્છા હતી પોતાનો ભાણો ઊંચા પગારવાળી નોકરી કરે, પોતાનું ઘર વસાવે. મામા વારંવાર નોકરી માટે લખીમપુર, જ્યાં એમનો ભાણેજ અભ્યાસ કરતો હતો ત્યાંના સરનામે પત્રો લખતા. ભાણેજને પણ પોતાના મામા પ્રત્યે ખૂબ જ આદર હતો. કારણ કે મામાએ નાનપણથી મોટો કરેલો. ભણાવ્યો-ગણાવ્યો. ખૂબ મનોમંથનના અંતે યુવાને પોતાના મામાને એક લાંબો પત્ર લખ્યો, જેમાં એણે પોતાના જીવનની દિશા અને જીવનદર્શન રજૂ કર્યું –

‘પૂજ્ય મામા,

આપે પત્રમાં જે કંઈ લખ્યું છે, તે સાચું જ લખ્યું છે. મારે નોકરી કરવી જોઈએ, કમાવું જોઈએ. પણ હું શું જવાબ

**કાર્યકર્તાઓએ કર્મઠ અને કર્તવ્યનિષ્ઠ બનવું જોઇએ**

- લોકો સાથે સંપર્ક દ્વારા સંવાદ જાળવવો જોઈએ.
- નવું શોધો-પ્રયોગો કરો-અનુભવ વહેંચો-એકબીજામાંથી શીખો અને સતત આત્મનિરીક્ષણ કરો.
- આપણી વાત નમ્રતાપૂર્વક અને મકકમતાપૂર્વક રજૂ કરો અને અંતે જે નિર્ણય થાય તેનો આદરપૂર્વક સ્વીકાર કરો.
- પરિવારની ભાવનાની જેમ ઐકય અને આપસી વિાસ રાખો.
- રાજનીતિ અને સેવાકાર્યોનો સુભગ સમન્વય કરતા રહેવું જોઈએ.
- આફતો સમયે કાર્યકર્તાઓએ તન,મન અને ધનથી સેવાકાર્યોમાં લાગી જવું જોઈએ અને આફતને અવસરમાં બદલવાની તાકાત કેળવવી જોઈએ.
- કાર્યકર્તાઓ જ પક્ષની સાચી મૂડી છે.





આપું, એ મને સમજાતું નથી. મારા હૃદયમાં કર્તવ્યભાવનાનું એક યુદ્ધ ચાલી રહ્યું છે. એક બાજુ સંસારનો મોહ ને આપ પ્રત્યેનો પ્રેમ મને ખેંચી રહ્યો છે, જ્યારે બીજી તરફ આપણા પ્રાચીન ઋષિઓ, મુનિઓ અને મહામનીષીઓના અતૃપ્ત આત્માઓનો પોકાર સંભળાઈ રહ્યો છે. પૂજ્ય મામા, આપના લખ્યા પ્રમાણે મારો પણ એ જ વિચાર હતો કે હું કોઈ સ્કૂલમાં નોકરી લઈ લઉં અને તેની સાથે સંઘનું કાર્ય પણ કરતો રહું. આ વિચાર લઈને જ હું લખનૌમાં આવ્યો હતો પરંતુ લખનૌમાં આજની પરિસ્થિતિ જોતાં મને લાગ્યું કે મારે આખા જિલ્લામાં ફરવાનું થશે, ને એક સ્થળે રહેવાનું ન બને જેથી નોકરી સાથે સંઘનું કાર્ય શક્ય નથી. સંઘના સ્વયંસેવકો માટે પ્રથમ સમાજ અને રાષ્ટ્રનું કાર્ય કરવાનું છે અને પછી જ વ્યક્તિગત કાર્ય... અને સમાજકાર્ય માટે સંઘ તરફથી જે આજ્ઞા મળી છે, તેનું પાલન કરવાનું છે. હું માનું છું કે આનાથી આપને જરૂર દુઃખ થયું હશે, પરંતુ મામા ! આપ આપના એક દીકરાને સમાજ માટે નહીં આપી શકો?... મારા જેવા ૩૦૦ જેટલા કાર્યકર્તાઓ માત્ર સંઘનું જ કાર્ય કરે છે. બધા ભણેલા અને સારા ઘરના લોકો છે. કેટલાક મારી જેમ ઉચ્ચ ડિગ્રીવાળા છે. આ બધા લોકોએ પોતાનું જીવન સમાજકાર્ય માટે શા માટે અર્પણ કર્યું? કારણ કે સમાજની ઉન્નતિ વગર વ્યક્તિની ઉન્નતિ શક્ય નથી. સંઘની ઉપયોગિતા આપ જાણશો તો આપને માન ઊભું થશે અને આપનો એક પુત્ર આ કાર્યમાં પોતાનું જીવન સમર્પિત કરી

### એકાત્મ માનવદર્શનની જગતને ભેટ

- વ્યક્તિ, કુટુંબ, સમાજ, રાષ્ટ્ર, દુનિયા સરસ્ત એકબીજા સાથે સંકળાયેલાં છે. સૌની ચિંતા થવી જોઈએ.
- એકલો હું નહિ, સૌ સુખી થાય.
- માનવીના વ્યક્તિત્વના સમગ્ર સંકલિત રૂપના પરિપ્રેક્ષ્યમાં સમન્વયના આધારે સમાજરચના થવી જોઈએ.
- એકાત્મ માનવદર્શન એટલે માનવજીવન તથા સંપૂર્ણ પ્રકૃતિના એકાત્મ સંબંધનું દર્શન.
- જગતભરના એનક અર્થશાસ્ત્રી, સમાજશાસ્ત્રી અને બુદ્ધિજીવીઓએ દીનદયાળજીના એકાત્મ માનવદર્શનને આવકારી સ્વીકારી અને અનુસરણમાં મૂકવાની વાત કરી છે.

### મૂલ્યનિષ્ઠ રાજનીતિના ધ્રુવતારક

- પં. દીનદયાળનું જીવન દરેક ક્ષેત્રે પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડનાર શ્રેષ્ઠ વ્યક્તિત્વ હતું. તેઓ માત્ર વચન અને પ્રવચનના નહિ, પણ આચરણના આદમકદ પુરુષ હતા.
- દીનદયાળજી વિચારધારા, મૂલ્યો અને નૈતિકતાના ભોગે કદી સમાધાન ન કરતા, માટે જ પદ કે પ્રતિષ્ઠાની લાલસા તેઓને કદી સ્પર્શી શકી નહોતી.
- માત્ર લોકોનાં ટોળાં ભેગાં કરવાથી સંગઠન નથી રચાતું, કારણ કે ભીડ અને ટોળાંનું કોઈ એક સમાન લક્ષ્ય નથી હોતું. કયારે શું થશે ? ભીડ કે ટોળું નાનું હોય પણ તેઓનું લક્ષ્ય, વિચાર, દિશા અને કૃતિ એક હોય, તે સાચું સંગઠન.
- તંદુરસ્ત લોકશાહીના વિકાસ માટે ચાર પાયા - પક્ષ, વિચાર, નેતા અને કાર્યકર્તા મહત્વના બની રહે છે.
- બાવન વર્ષના ટૂંકા આયુષ્યમાં અને માત્ર સત્તર વર્ષની ટૂંકી રાજકીય કારકિર્દીમાં તેમણે ભારતીય સંસ્કૃતિને કેન્દ્રમાં રાખીને ઉત્તમ પ્રકારનું રાજકીથ દર્શન ભારતીયોને વારસામાં આપ્યું.
- વિશિષ્ટ ધ્યેયની પ્રાપ્તિ માટે જન્મે અને કાર્ય કરે તેવા સુસંગઠિત પક્ષને હું સારો પક્ષ માનું છું. આવો પક્ષ રાજકીય સત્તાને સાધ્ય નહિ, સાધન માને છે.
- પક્ષના પ્રમુખથી લઈને કાર્યકર્તા પણ ધ્યેયનિષ્ઠ હોવા જોઈએ. ધ્યેયનિષ્ઠાથી જ સમર્પણની ભાવના અને શિસ્તનો જન્મ થાય છે.
- પક્ષમાં ધ્યેયનિષ્ઠા, વિચારનિષ્ઠા અને કર્તવ્યનિષ્ઠા હશે તો જૂથવાદને કોઈ સ્થાન રહેશે નહિ. જૂથવાદથી નબળો પડેલો પક્ષ કદી પ્રભાવશાળી બની શકતો નથી.
- લોકશાહી માત્ર ચૂંટણીથી જીવંત બનતી નથી. આના માટે તો સુસંગઠિત સમાજ, સુસંગઠિત પક્ષ અને રાજનીતિક આચરણના નીતિ-નિયમો અને સંકેતોની સુવ્યવસ્થિત સ્થાપના થવી અત્યંત અનિવાર્ય છે.



### માનવતાવાદી અર્થનીતિના પ્રણેતા

- કોઈપણ રાષ્ટ્ર વિદેશનું આંધળું અનુકરણ ન કરી શકે. આમ કરવાથી રાષ્ટ્ર પોતાનું સ્વાભિમાન, સ્વાવલંબન અને સમૃદ્ધ જીવન ગુમાવી બેસે છે.
- જગત આખાનું જ્ઞાન સમગ્ર માનવજાતની મૂડી છે, એનો વારસો છે, પરંતુ વિદેશમાં વિકસિત આ જ્ઞાન આપણે જરૂર પૂરતું જ લેવું જોઈએ. એનું આંધળું અનુકરણ ન કરાય.
- માનવી સૌ સરખા. સૌને વિકાસની સરખી તક મળવી જોઈએ. એક બાજુ ધનના ઢગલા થાય અને બીજી બાજુ ગરીબી વધતી રહે તો એ તંદુરસ્ત સમાજ ન કહેવાય.
- બધાં ખેતરને પાણી અને ન્યાયી વિતરણ વ્યવસ્થા થવી જોઈએ.
- પ્રકૃતિ પાસેથી જરૂર પૂરતું જ લેવું જોઈએ. બેફામ કુદરતી સંપત્તિ લૂંટવાની લાલચ રોકવી જોઈએ.
- નાના મૂડીરોકાણમાં ખૂબ મોટી રોજગારીની ક્ષમતા કૃષિ-ઉદ્યોગમાં રહેલી છે. ''અર્થવ્યવસ્થામાં ખેતીનું મહત્વ'' દીનદયાળજીના આ વિચારને આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્રીઓએ પણ સ્વીકાર્યો છે.
- આર્થિક યોજનાઓ અને પ્રગતિનું માપ સમાજની ટોચે બેઠેલ લોકો નહિ, પણ છેક તળિયે બેઠેલ માણસ હોવો જોઈએ.
- સમાજના અશિક્ષિત, સીધાસાદા અને છેવાડાના માનવી જ આપણા નારાયણ છે. આ લોકોની આપણે પૂજા કરવાની છે.
- અર્થવ્યવસ્થા એવી હોવી જોઈએ કે જે વ્યવસ્થા આપણાં માનવત્વને વિકસિત કરે, માનવત્વને જીવતું રાખે.
- ઈશ્વરે આપેલા હાથ આપમેળે ઉત્પાદક નથી બનતા. તેમને કામ અને મૂડીનો સહયોગ પૂરો પાડવો પડશે.
- યંત્ર માનવીનાં સાથી બને, માલિક નહિ.
- વિદેશના વિદ્વાનોનું ધ્યાન વપરાશ તરફ ગયું નથી. તેઓએ વધુમાં વધુ ઉપભોગ કરવાની સંસ્કૃતિ વિકસાવી જે એના દુ:ખનું કારણ બની ગઈ. ભારતીય સંસ્કૃતિએ ઉપભોગને નિયંત્રિત કરીને ઓછા ઉપભોગને આદર્શ લેખ્યો. વપરાશ એ જ ઉત્પાદન અને વિતરણ બંનેની ધરી છે.

રહ્યો છે, એનાથી જરૂર આનંદ થશે. શું આપ આપના એક દીકરાને રાષ્ટ્ર માટે નહીં આપી શકો ? પ્રશ્ન માત્ર થોડાક પૈસા કમાવાનો છે. આપે મને ભણાવી-ગણાવી મોટો કર્યો, યોગ્ય માણસ બનાવ્યો. શું મને સમાજ માટે અર્પણ નહીં કરો ? સમાજ પ્રત્યેનું ઋણ મને અદા નહીં કરવા દો ? સમાજે આપણા માટે ઘણું કર્યું છે, તો તેના માટે મને ત્યાગ કરવા દો. આ તો વિનિયોગ છે. સમાજરૂપી ભૂમિમાં ખાતર નાંખવાનું કાર્ય કરવાનું છે.

મામા ! મારા ઉપર તમે વિશ્વાસ રાખજો કે હું એવું એક પણ કાર્ય નહીં કરું જેના લીધે આપના ઉપર કોઈ આંગળી ચીંધે. આપને જરૂર ગર્વ થશે કે આપે પોતાના પુત્રને સમાજ અને રાષ્ટ્ર માટે અર્પણ કર્યો છે. આપે મને ઉછેર્યો, મોટો કર્યો, ભણાવ્યો. આપની ભાવના મારા માટે ઘણી ઊંચી છે, પણ મામા ! ભાવના કરતાં કર્તવ્ય મોટું છે. ઘણા લોકોએ પોતાના એકના એક પુત્રને રાષ્ટ્ર માટે સમર્પિત કરી દીધા છે. આપની પાસે તો ત્રણ પુત્રો છે. શું આમાંથી એકને પણ સમાજ માટે નહીં આપી શકો ? હું માનું છું કે આપ મને ના નહીં જ પાડો.

આપનો ભાણેજ દીના...'

### સત્તા સાધ્ય નથી, માત્ર સાધન છે

- દીનદયાળજીએ સત્તાને રાજનીતિના અંતિમ લક્ષ્ય તરીકે સ્વીકાર્યું નથી. સત્તા નિરંકુશ બને તેને તેઓ કયારેય સ્વીકારતા ન હતા.
- દીનદયાળજી માનતા કે ''મનુષ્યની અંદર શ્રેષ્ઠ જીવન ઉત્પન્ન કરવાનું કાર્ય માત્ર સત્તાથી થઈ શકતું નથી.''
- સત્તા કયારેય આપણા મગજ અને મનને કાબૂમાં રાખે તેવી હોવી જોઈએ નહિ. સત્તા સાધ્ય નથી, માત્ર સાધન છે એ ન ભૂલવું જોઈએ.
- શ્રેષ્ઠ જીવનમૂલ્યો પ્રાપ્ત કરવા માટે સત્તાની પવિત્રતા અનિવાર્ય છે.
- સત્તાધારી પક્ષના સભ્યો જયારે તેઓનો મત પ્રામાણિકતાથી અને નિર્ભીકતાથી વ્યક્ત કરતા નથી ત્યારે જનતાની વાસ્તવિક ઇચ્છા અને સરકારની નીતિ વચ્ચેની ખાઈ વધુ દૃઢ બનતી જાય છે.



...અને અંતે ઘણા મનોમંથન પછી એ યુવાને પોતાના જીવનને ભારત માતાને ચરણે અર્પણ કરી દીધું. પત્ર લખી લીધા પછી યુવાનનું જીવનલક્ષ્ય હતું – મારે નોકરી કરવી નથી. લગ્ન કરવાં નથી. સાંસારિક મોહમાયામાં અટવાયા વગર માત્ર આ સમાજ અને રાષ્ટ્રની સેવા કરવી છે. આરએસએસના પ્રચારક તરીકે પોતાનો જીવનમાર્ગ નક્કી કરી લીધો. એ યુવાનની સાથે વસંત અણ્ણા વૈદ્ય નામનો કાર્યકર રહેતો હતો. બંનેનો નાનકડો બિસ્તરો હતો. વસંત નાનપણથી જ પેલા યુવાનને ખૂબ નજીકથી ઓળખતો હતો. પત્ર ટપાલમાં રવાના કરી દીધો પછી યુવાને પોતાનો બિસ્તરો ખોલીને તેમાંથી કાગળોનું એક બંડલ કાઢ્યું, અને વસંતરાવ વૈદ્યને આપતાં કહ્યું, ‘વસંતરાવ, આ બંડલને દીવાસળી ચાંપી દો...’ વસંતરાવે બંડલ ખોલીને જોયું તો એમાં યુવાનની અત્યાર સુધીનાં અભ્યાસનાં બધાં જ અસલ પ્રમાણપત્રો હતાં. એય જેવાં તેવાં નહીં, યુવાનનું પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વ ઝળકાવતાં હતાં. બધી જ પરીક્ષામાં પ્રથમ સ્થાનનાં હતાં, ગોલ્ડ મેડલ મળેલા. બીરલાના હસ્તે સન્માન થયેલું.

વસંતરાવને આશ્ચર્ય થયું, ‘અરે ! આ તો પ્રમાણપત્રો છે.’ યુવાને ખૂબ નિશ્ચિંતતાથી કહ્યું, ‘હા, હા, હું જાણું છું... મને બધી ખબર છે.’

‘તો પછી શા માટે એને સળગાવી દો છો... આ તો તમારી મહેનતનું ફળ

### ઉત્તમ લેખક

- પં. દીનદયાળજી ઉમદા વિચારક, મૌલિક ચિંતક, પ્રખર વક્તા અને ઉત્તમ લેખક હતા. આ બધા જ ગુણો એક વ્યક્તિમાં કેન્દ્રિત બને તેવું ભાગ્યે જ બનતું હોય છે.
- દીનદયાળજીએ જે વિષય ઉપર લખવું હોય તેનો પહેલાં ઝીણવટભર્યો અભ્યાસ કરતા. વિષય ઉપરની પકડ અને વિચારની સ્પષ્ટતા તેમની ગજબબની હતી.
- સમ્રાટ ચંદ્રગુપ્ત નામની નવલકથા દીનદયાળજીએ એક જ બેઠકમાં લખી નાંખી. ૧૬૬ પાનાંની બાળકો માટેની આ નવલકથા લખતી વખતે તેઓએ ભોજન પણ લીધું ન હતું. ઉપરાંત એકાત્મ માનવવાદ, રાષ્ટ્ર જીવનની દિશા, રાષ્ટ્રચિંતન, પોલિટિકલ ડાયરી વગેરે તેમની કૃતિઓ છે.
- ‘‘સમ્રાટ ચંદ્રગુપ્ત’’ પુસ્તકની પ્રસ્તાવનામાં દીનદયાળજીએ લખ્યું છે કે, ‘‘આ પુસ્તક લખીને હું ઐતિહાસિક હકીકતો પ્રજા સમક્ષ મૂકું છું. યુરોપિયન વિદ્વાનો ભારતીય ઈતિહાસ વિષે જે લખે છે, તેનું આંધળું અનુકરણ ભારતીય વિદ્વાનો ન કરે.’
- દીનદયાળજીએ લખેલ ‘‘જગદ્‌ગુરુ શંકરાચાર્ય’’ પુસ્તક પણ ઉત્તમ કોટીનું પુસ્તક ગણાય છે.
- દીનદયાળજીએ ‘‘રાષ્ટ્રધર્મ’’ અને ‘‘પાંચજન્ય’’ મેગેઝીનોનું સંપાદનકાર્ય પણ કરેલ છે.

### સાદગીના પૂજારી

- દીનદયાળજીની સાદગી નોખી અને અનોખી હતી. ખભે એક ધાબળો અને નાનકડો બગલથેલો જે એમના સાથી. બગલથેલામાં માત્ર બે જોડી ધોતી, ઝભ્ભા અને ટુવાલ.
- દીનદયાળજી મોટા ભાગે ટ્રેનના ત્રીજા વર્ગમાં જ મુસાફરી કરતા.
- પ્રવાસ દરમ્યાન દીનદયાળજીનો ઉતારો કાર્યકર્તાને ઘેર જ રહેતો.
- દિલ્હીના અજમેરી ગેટના કાર્યાલયના એક રૂમમાં દીનદયાળજીનું નિવાસસ્થાન રહેતું. રૂમમાં એક લોખંડના ટ્રંકમાં બે-ત્રણ જોડી કપડાં, ચાદર, ધાબળો અને થોડાં પુસ્તકો રહેતાં. આ એમની જીવનમૂડી.
- પ્રવાસ દરમ્યાન ઘણીવાર તેઓ કાર્યાલયની ચોકડીમાં જ સ્નાનવિધિ પતાવતા. ઘેર મહેમાનોને હાથેથી ચા-પાણી પીરસતા. કાર્યાલયમાં સાવરણીથી કચરો સાફ કરતા પણ જોવા મળે.
- વિદેશપ્રવાસે પણ ભારતીય સાદો પોશાક જ પહેરતા.
- દીનદયાળજીનું પોતાનું કાર્ય પોતે જ કરતા. પોતાના કપડાં હાથે ધોતા. ઝભ્ભાનાં બટન હાથે ટાંકી લેતા. સોય-દોરો સાથે જ રાખતા.
- સાદગી પંડિતજીનું મહત્વનું જીવનમૂલ્ય હતું. પંડિતજીના બધા વ્યવહારોમાં સાદાઈનાં દર્શન થતું.



છે. ગમે ત્યારે તમારે જીવનમાં એની જરૂર પડશે.'

'એ તમે ચિંતા છોડી દો...મારે આની ભવિષ્યમાં કદી જરૂર નહીં પડે...એને સળગાવી દેવા જ યોગ્ય છે. જલદી કરો વસંતરાવ, એને સળગાવી દો.' વસંતરાવ પ્રમાણપત્રો હાથમાં લઈને જોઈ રહ્યા હતા, કારણ કે યુનિવર્સિટીમાં ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ મેળવેલાં પ્રમાણપત્રોની એ માર્ક્સસીટો હતી. આવા પ્રમાણપત્રો સળગાવતાં વસંતરાવનો જીવ નહોતો ચાલતો. આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

વસંતરાવે ઘણું સમજાવ્યો પણ યુવાનની એક રટણ હતી : 'આ જીવન તો આ રાષ્ટ્રના કાર્યમાં વાપરી નાંખવાનું છે. કદી નોકરી કરવાની છે જ નહીં. લગ્ન કરવાનાં નથી... બધી જ સમજાવટ વ્યર્થ ગઈ. પ્રમાણપત્રો સળગાવી દીધાં.

વસંતરાવ વૈદ્યે પાછળથી આ ઘટનાના સંદર્ભમાં લખ્યું છે : 'એક એક પ્રમાણપત્ર હું અગ્નિમાં નાંખતો હતો ત્યારે અસહ્ય માનસિક પીડા અનુભવી રહ્યો હતો, પરંતુ મારા મિત્રની મુખાકૃતિ ઉપર તેજની છાયા દેખાતી હતી. અહીં વીર સાવરકરજીના મૃત્યુપત્રની પંક્તિઓ યાદ આવે છે - 'જલાકર યહ સ્વાર્થ, હમ હો ગયે કૃતાર્થ...' આ યુવાન હતો — ભારતીય રાજનીતિમાં રહીને ઋષિસ્થાન પામેલા પંડિત દીનદયાળ ઉપાધ્યાય. આખું જીવન સંઘ પ્રચારક તરીકે રાષ્ટ્રની સેવામાં વ્યતીત કરી દીધું. જેને લોકો આજે ભારતીય જનતા પાર્ટી તરીકે ઓળખે છે એ એક સમયે ભારતીય જનસંઘ તરીકે ઓળખાતો, એના સંગઠનને જન-જન સુધી પહોંચાડવા મૃત્યુ પર્યંત દેશના ખૂણે ખૂણે તેઓ ઘૂમતા રહ્યા.

**ભારતીય સંસ્કૃતિને વ્યવહારમાં મૂકવાના આગ્રહી**

- ભારતીય રાજનીતિનો પાયો ભારતીય દર્શન આધારિત હોવો જોઈએ.
- વ્યક્તિના વ્યક્તિત્વની જેમ દરેક રાષ્ટ્ર-દેશને પણ પોતાની એક આગવી પ્રકૃતિ-સંસ્કૃતિ હોય છે. આ પ્રકૃતિ-સંસ્કૃતિ અનુરૂપ રાજકીય, આર્થિક અને સામાજિક વ્યવસ્થાઓ થાય તો તે વધુ ફળદાયી બને છે.
- સંસ્કૃતિએ જ ભોગને બદલે ત્યાગ, અધિકારને બદલે કર્તવ્ય, સંકુચિત અસહિષ્ણતાને બદલે વિશાળ એકાત્મતા, સંઘર્ષને બદલે સમન્વયતા પ્રગટાવી છે.
- રાજનીતિને આપણે જીવનમાં કેવળ સુખનું કારણ ગણીએ છીએ, જયારે સંસ્કૃતિ એ તો આપણું સંપૂર્ણ જીવન છે.
- ભૂમિ, લોકો અને સંસ્કૃતિ એ ત્રણે સાથે મળવાથી રાષ્ટ્રનું નિર્માણ થાય છે.
- ભારતના આત્માને સમજવા માટે એને રાજનીતિ અથવા અર્થનીતિના ચશ્માંથી નહિ, પણ સાંસ્કૃતિક દૃષ્ટિકોણથી જ નિહાળવો પડશે.

૧૯૫૨થી ૧૯૬૭ સુધી લગાતાર પંદર વર્ષ ભારતીય જનસંઘના રાષ્ટ્રીય સંગઠન મહામંત્રીનું પદ શોભાવતા રહ્યા.

૧૯૬૭માં કેરળના કાલીકટમાં ભારતીય જનસંઘના ઐતિહાસિક અધિવેશનમાં જનસંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા. આ અધિવેશનના તરંગોએ દીનદયાળજી અને જનસંઘ બંનેની પ્રતિષ્ઠા દેશભરમાં ગુંજતી કરી દીધી.

દીનદયાળ ઉપાધ્યાયે એમના અધ્યક્ષીય પ્રવચનમાં કહ્યું હતુંઃ 'આપણે કોઈ એક સંપ્રદાય કે વર્ગની સેવાનું નહીં પણ સમગ્ર રાષ્ટ્રની સેવાનું વ્રત લીધું છે. બધા દેશવાસી આપણા બાંધવો છે. જ્યાં સુધી આપણે બધા દેશબાંધવોને ભારતમાતાના સપૂત હોવાનું સાચું ગૌરવ અપાવીશું નહીં ત્યાં સુધી આપણે ચૂપ બેસીશું નહીં. આપણે ભારતમાતાને સાચા અર્થમાં સુજલામ્-સુફલામ્ બનાવીને જંપીશું. તે દશપ્રહરણ-ધારિણી દુર્ગા બની અસુરોનો સંહાર કરશે. લક્ષ્મી બનીને જન-જનને સમૃદ્ધ કરશે અને સરસ્વતી બની અજ્ઞાનાન્ધકારને દૂર કરી જ્ઞાનનો પ્રકાશ ફેલાવશે. હિન્દ મહાસાગરથી લઈ હિમાલય સુધી ફેલાયેલા ભારત ખંડમાં જ્યાં સુધી એકરસતા, કર્મઠતા, સમાનતા, સંપન્નતા, માનવતા, સુખ અને શાંતિની સપ્ત જાહ્નવીનો પુણ્ય પ્રવાહ વહેતો નહીં કરીએ ત્યાં સુધી આપણું ભગીરથ તપ પૂર્ણ નહીં થાય. આપણા આ પ્રયાસમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ - બધા આપણને સહાય કરશે. વિજયનો વિશ્વાસ છે, તપસ્યાનો સંકલ્પ લઈને આગળ વધીએ...'

દીનદયાળજી માત્ર ૪૩ દિવસ ભારતીય જનસંઘના અધ્યક્ષ રહ્યા. અજાતશત્રુ મનાતા આ રાષ્ટ્રઋષિની ૧૧ ફેબ્રુઆરી ૧૯૬૮ના દિવસે હત્યા કરી દેવામાં આવી.

એમના મૃત્યુ સમયે 'હિન્દુસ્તાન ટાઇમ્સે' લખ્યું હતુંઃ '...દેશ બીજા દીનદયાળજી માટે તરસશે, પણ એ સહજ સુલભ નથી.' ●



## નેશનલ એસેટ મોનેટાઇઝેશન પાઈપલાઈન

# દેશમાં મૂડીસંચારથી વ્યવસ્થાઓમાં સુધાર અને યુવાઓને રોજગાર

વર્ષ ૨૦૨૧-૨૨ના યુનિયન બજેટમાં નાણાંમંત્રી દ્વારા ભારત દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ અને તેની આવનારા સમયની જરૂરિયાતોને આવરી લેવાય તે પ્રકારનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવાના હેતુથી 'નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ટર પાઈપલાઈન' યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૫ સુધીમાં રૂપિયા ૧૧૧ લાખ કરોડનું રોકાણ કરવાની યોજના જાહેર કરવામાં આવી.

નીતિ આયોગ દ્વારા ઈન્ફ્રાસ્ટ્રકચરને લગતાં મંત્રાલયોની સાથે મળીને આ વિષયમાં વિશેષ સંશોધન કરવામાં આવ્યું જેમાં વિવિધ પ્રકારે આ યોજનાને અમલમાં મૂકવાના ઉપાયો રજૂ કરવામાં આવ્યા. પરંપરાગત રીતોની સાથોસાથ નવીનતમ પ્રકારોથી આ યોજનાને કેવી રીતે સફળ બનાવી શકાય તે વિષે પણ મનોમંથન કરવામાં આવ્યું. આ પ્રયાસોના અંતે નીતિ આયોગ દ્વારા **'નેશનલ મોનેટાઈઝેશન પાઈપલાઈન'નું અનાવરણ કરવામાં આવ્યું** જેમાં કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં બનાવવામાં આવેલ મિલ્કતોને ભાડાપટ્ટે આપી વર્ષ ૨૦૨૨થી ૨૦૨૫ સુધીમાં અંદાજિત રૂપિયા ૬ લાખ કરોડ ઊભા કરવાનું આયોજન કરવામાં આવ્યું જેમાં અંદાજિત રૂપે મુખ્યત્વે ૩ ક્ષેત્ર જેવાં કે રોડ-રસ્તામાં ૨૭%, રેલવેમાં ૨૫% અને વીજ ઉત્પાદન-પ્રવાહનમાં ૧૫% જેટલું તેમજ અન્ય ક્ષેત્રો જેવાં કે બંદરગાહ, હવાઈમથક, વખાર-ગોદામ, ગેસ પાઈપલાઈન, ખાણકામ, ટેલિકોમ, રમત-ગમત સંકુલ તેમજ હોટેલ ઈન્ફ્રાસ્ટ્રક્ટર માટે મોનેટાઈઝેશન કરવાની યોજના છે.

દેશના વ્યાપક સામાજિક-આર્થિક વિકાસ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ ખૂબ જરૂરી છે. સરકાર દ્વારા દેશમાં છેલ્લા દસકામાં મોટા પ્રમાણમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિલ્કતો બનાવવામાં આવી જેને આગળ ચલાવવા અને તેના દ્વારા વિશ્વકક્ષાની સુવિધાઓ પૂરી પાડવાના પ્રયાસરૂપે 'પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ' દ્વારા ખાનગી કંપનીઓને આ મિલ્કતો ભાડાપટ્ટે આપવામાં આવશે અને તેમાંથી સરકાર આવક ઊભી કરશે જે આવકનો આગળ વિકાસમાં ઉપયોગ કરવામાં મદદ મળશે. સરકાર અને જાહેર ક્ષેત્રની સંસ્થાઓ, કે જે આ મિલકતોની માલિક છે અને તેનો વહીવટ સંભાળે છે, તે આ વિકલ્પના ઉપયોગથી વધતી વસ્તીની જરૂરિયાતોની પૂર્તિ કરવા માટે તેમજ જાહેર મિલ્કતો તેમજ સેવાઓની ગુણવત્તા સુધારવા માટે કરી શકે છે.

સરકારે આ યોજના માટે પોતાની **બ્રાઉન ફિલ્ડ પ્રોજેક્ટની મિલ્કતોને ભાડે આપી આવક ઊભી કરવાનું આયોજન** કર્યું છે. અહીં એ જણાવવાનું કે ગ્રીન ફિલ્ડ પ્રોજેક્ટ એટલે નવો પ્રોજેક્ટ કે જેમાં કોઈ રોકાણ ના કરાયું હોય જ્યારે બ્રાઉન ફિલ્ડ પ્રોજેક્ટ એટલે જેમાં મૂડીરોકાણ થઈ ગયું છે અને પ્રોજેક્ટ ચાલુ થઈ ગયો હોય અથવા મિલકતનું અસ્તિત્વ હોય. આ યોજના મુખ્યત્વે બે પ્રકારે અમલમાં મૂકી શકાય છે. ૧. કરાર દ્વારા સીધું પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપથી અને ૨. સંરચિત નાણાકીય મોડલ દ્વારા જેમાં ટ્રસ્ટ અથવા ફંડ ઊભું કરવાથી.

સરળ ભાષામાં સમજીએ તો એસેટ મોનેટાઈઝેશન એટલે ક્ષમતા પ્રમાણે ન



વપરાયેલી અથવા ઓછી વપરાયેલી મિલ્કતોને મર્યાદિત સમય માટે વપરાશ કરવા આપીને નિષ્ક્રિય મૂડી છૂટી કરી અન્ય યોજના અથવા મિલ્કતમાં રોકીને મૂડીનો મહત્તમ ઉપયોગ કરવો. જેમ આપણી માલિકીની કોઈ મિલ્કત હોય જેનો આપણે વપરાશ ના કરતા હોઈએ તો તેને આપણે ભાડે આપી આવક ઊભી કરીએ તેવી જ આ વાત છે. એસેટ મોનેટાઈઝેશનના ફાયદા જોઈએ તો સરકારને વહીવટીરૂપે સરળતા રહે તેમજ સરકારી મૂડીનું દેશના અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ કરી બહોળા ફાયદા મેળવી શકાય; ખાનગી સાહસને ફાયદા સ્વરૂપે મોટો મૂડીખર્ચ કરવામાં રાહત મળે અને મોકાની મિલ્કતોને વાપરી સારી આવક ઊભી કરી શકાય; જાહેર જનતાને ઉચ્ચતમ કક્ષાની સરકારી વ્યવસ્થા અને સેવાઓ મળે તેમજ રોજગાર ઊભો થાય.

રાજ્ય સરકાર તેમજ જાહેર સાહસ અને શહેરી સ્થાનિક સંસ્થાઓ પણ હાઈવે, વીજ ઉત્પાદન તેમજ પ્રવાહન, શહેરી પરિવહન, બસ ડેપો, પાણી પુરવઠા તેમજ ગટર વ્યવસ્થા, ગેસ પાઈપલાઈન, રમતગમતનાં મેદાન, ખેલકૂદ સંકુલ વગેરેના વિકાસ અર્થે આ યોજના અંતર્ગત એસેટ મોનેટાઈઝેશન કરી શકે છે. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યો માટે મૂડી ખર્ચ પ્રોત્સાહન યોજના જાહેર કરવામાં આવી છે જેમાં રાજ્યોને આ યોજના લાગુ કરવા માટે રાજ્યો દ્વારા કરવામાં આવતી કુલ એકત્રિત મૂડી સામે પ્રોત્સાહનરૂપે ૩૩% જેટલી રકમ જમા આપવામાં આવશે જેનો ઉપયોગ રાજ્યો દ્વારા મૂડી ખર્ચ માટે જ કરી શકાશે જે એક સરાહનીય પગલું છે.

વિપક્ષ દ્વારા કરાતા પાયાવિહોણા આરોપો વચ્ચે અહીં જણાવવાનું કે વર્ષ ૧૯૯૧માં સરકારે ઉદારીકરણની શરૂઆત કરી અને એક સૂત્ર વહેતું કર્યું જેમાં ભારત LPG મોડેલ લાગુ કરશે જેનો અર્થ થાય છે L - લિબરલાઈઝેશન (ઉદારીકરણ), P - પ્રાઈવેટાઈઝેશન (ખાનગીકરણ અને G - ગ્લોબલાઈઝેશન (વૈશ્વીકરણ). આ અંતર્ગત અનેક સરકારી સંસ્થાઓ જેવી કે ઈન્ડસ્ટ્રીઅલ ક્રેડિટ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ કોર્પ ઓફ ઈન્ડિયા (ICICI), અને યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા (UTI હાલ AXIS) જેવી સંસ્થાઓનું ખાનગીકરણ કરવામાં આવ્યું.

આઈ.સી.આઈ.સી.આઈ. કે જેની સ્થાપના વર્ષ ૧૯૫૫માં વર્લ્ડ બેંક, ભારત સરકાર અને ભારતીય ઉદ્યોગ સંસ્થાઓના પ્રતિનિધિઓ દ્વારા થઈ હતી. ઉદારીકરણની શરૂઆત સાથે તેનું રૂપાંતર કરવામાં આવ્યું અને વર્ષ ૧૯૯૪માં આઈ.સી.આઈ.સી.આઈ. ગ્રુપ અંતર્ગત આઈ.સી.આઈ.સી.આઈ. બેંકની સ્થાપના કરવામાં આવી. વર્ષ ૧૯૯૯માં આઈ.સી.આઈ.સી.આઈ. જાપાન સિવાયના દેશોમાં એશિયાની પ્રથમ કંપની બની ગઈ કે જેનું ન્યૂયોર્ક સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટિંગ થયું હોય. યુ.ટી.આઈ.ની વાત કરીએ તો તેની સ્થાપના રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા વર્ષ ૧૯૬૩માં સંસદમાં કાયદો લાવી કરવામાં આવી હતી. વર્ષ ૧૯૯૩માં યુ.ટી.આઈ. બેંકની સ્થાપના કરવામાં આવી અને ખૂબ સફળતા મળી. વર્ષ ૨૦૦૭માં યુ.ટી.આઈ.બેન્કનું નામ બદલી એક્સિસ બેંક કરવામાં આવ્યું. આ બંને ગ્રુપ દ્વારા બેન્કિંગ ઉપરાંત અન્ય ક્ષેત્રો જેવાં કે શેર માર્કેટ, સિક્યુરિટિસ, મ્યુચ્યુઅલ ફંડ, ઇસ્યોરન્સ વગેરેમાં પણ સેવાઓ આપે છે તેમજ ગ્રુપનું ટર્નઓવર હાલ કરોડો રૂપિયામાં છે અને મુખ્ય નોંધનીય વાત એ છે કે તે અઢળક રોજગારીની તકો ઊભી કરે છે.

વર્ષ ૧૯૯૧થી અત્યાર સુધી અનેક સરકારી અને જાહેર સાહસોનું ખાનગીકરણ તેમજ વિનિવેશ કરવામાં આવ્યો અને સરકારી હિસ્સો વેચવામાં આવ્યો. તત્કાલીન સરકારો દ્વારા એરપોર્ટ, રેલવે સ્ટેશન, મેટ્રો, વીજળીઘર, કોલસાની ખાણ, સ્પેક્ટ્રમ વગેરે ડેવેલોપ કરવા માટે ખાનગી કંપનીઓને આપવામાં આવ્યા. આ યોજના પણ ચાલતી આવતી પ્રક્રિયાનો ભાગ હોવા છતાં વિપક્ષો આ યોજનાને દેશના વેચાણ સાથે મૂલવી રહ્યા છે.

એસેટ મોનેટાઈઝશન એટલે સરકાર દ્વારા ઓછી ઉપયોગમાં લેવાતી મિલ્કતો ડેવલોપ કરવા આપી ભાડું અથવા રોયલ્ટી લઈને આવક ઊભી કરવી જયારે વિનિવેશ એટલે સરકાર દ્વારા જાહેર સાહસોમાં પોતાનો નાના ભાગનો હિસ્સો વેચી દેવો પરંતુ નિયમનનો હક પોતાની પાસે રાખવો અને ખાનગીકરણ એટલે જાહેર સાહસોમાં પોતાનો મોટા ભાગનો અથવા સંપૂર્ણ હિસ્સો અને નિયમન હક પણ આપી દેવો.

અહીં એક ઉદાહરણરૂપે સમજીએ તો રેલવેએ તેની પેટાકંપની આઈ.આર.સી.ટી.સી.ને પોતાની મિલકત એટલે કે રેલવેના પાટા અને સ્ટેશન ભાડે આપી તેની પોતાની ખાનગી ટ્રેન ચલાવવાની મંજૂરી આપી જે અંતર્ગત



તેજસ એક્સપ્રેસ નામની ટ્રેન ચાલુ કરવામાં આવી જેમાં મુસાફરોને વિશ્વકક્ષાની સુવિધાઓ આપવામાં આવે છે. વધુમાં એક ઘટનામાં લખનૌ-દિલ્હી વચ્ચે ટ્રેન અઢી કલાક મોડી પડતાં લગભગ ૨ હજાર મુસાફરોને કુલ આશરે ૪ લાખ રૂપિયા ભાડું પરત કરવામાં આવ્યું. અહીં સરકારને ભાડાની આવક થઈ અને મિલ્કતનો સદ્‌ઉપયોગ થયો, ખાનગી કંપનીને મૂડી ખર્ચ ઓછો અને સુવિધાઓ ઊભી કરી આવક થઈ જ્યારે સામાન્ય જનતાને અદ્યતન સેવા મળી અને રોજગારની તક ઊભી થઈ. આ આખા વ્યવહારમાં સરકારી મિલ્કતની માલિકી સરકાર પાસે જ રહે છે, જેના વિષે વિપક્ષો દ્વારા ભ્રાંતિ ફેલાવવામાં આવી રહી છે.

અહીં એ પણ જણાવવાનું કે રેલવેની ખબર નહિ કેટલી જમીન બેકાર પડી રહી છે કે જ્યાં લોકો દ્વારા કબજો કરી લેવામાં આવેલ છે અથવા તે અસામાજિક તત્ત્વોનો અડ્ડો બની ગઈ છે, હાઈવે સાઈડ સરકારી જમીનો પર ગેરકાયદેસર કબજો કરવામાં આવેલ છે. ગામડામાં વીજળી ખરાબ થઈ જાય તો ઠીક થવામાં કેટલાય દિવસો લાગી જાય છે, સરકારી એરપોર્ટમાં વધતા મુસાફરોનો બોજ વહન કરવાની ક્ષમતા નથી ત્યારે જો સરકાર તેમાં પ્રાઈવેટ કંપનીઓની મદદથી વિકાસ કરી સુવિધાઓ આપે અને તેમાંથી થતી આવકને દેશના વિકાસ માટે ઉપયોગમાં લે તો તેમાં ખોટું શું છે?

એક રિપોર્ટ પ્રમાણે સરકારી સાહસ ગેસ ઑથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ કંપની જે દેશની ગેસ પાઈપલાઈનના લગભગ ૨૫% જેટલું સંચાલન કરે છે. કંપની હાલ તેની ગેસ વિતરણ ક્ષમતાના લગભગ ૪૯થી ૫૨ ટકા જેટલી ક્ષમતા પર ગેસ વિતરણ કરે છે. નીતિ આયોગ દ્વારા કંપનીની આ ગેસ પાઈપલાઈનની મિલ્કતને ભાડાપટ્ટે આપવાનું આયોજન કરેલ છે.

આ યોજના અંતર્ગત સરકાર દ્વારા ખાનગી કંપનીઓને સરકારી મિલ્કતો વિકાસ અર્થે ભાડાપટ્ટે આપતી વખતે કાયદાકીય કરાર કરવામાં આવશે જેમાં કંપનીઓ દ્વારા વિકાસલક્ષી શું કામગીરી કરવામાં આવશે, જો તે પ્રમાણે કામગીરી ના કરવામાં આવે તે તેને લગતી દંડનીય કલમ, કરારના અંતે મિલ્કત સરકારને પરત કરવાની પ્રક્રિયા વગેરેનો સમાવેશ કરવામાં આવશે. વિદેશમાં પણ ઘણા દેશો દ્વારા આ પ્રકારની યોજનાઓ લાગુ કરી દેશની મિલ્કતો વિકાસ અર્થે આપી અર્થવ્યવસ્થા મજબૂત કરવા તરફ અગ્રેસર રહ્યા છે.

આ એક નાની શરૂઆત છે અને આ પ્રકારની યોજનાઓથી દેશને અનેક લાભ થશે. સંરક્ષણ ક્ષેત્રની વાત કરીએ તો દેશની સીમાઓ સુધી રોડ રસ્તાનું નિર્માણ અને હવાઈ મથકની સંખ્યામાં વધારો વિકાસ સાથે દેશની સુરક્ષામાં પણ ખૂબ મોટો ભાગ ભજવશે. વિશ્વમાં નિકાસનું કેન્દ્ર બનવા અને નિકાસમાં પોતાનો ફાળો વધારવા માટે પણ દેશમાં પરિવહન અને નિકાસને લગતું માળખું ઊભું કરી દેશની આર્થિક વ્યવસ્થા મજબૂત કરી શકાશે. ટેલિકોમ અને વીજળીને લગતી મિલ્કતો દ્વારા દેશના છેવાડાના માનવીને દેશ દુનિયા સાથે જોડી શકાશે. વિશેષરૂપે જણાવવાનું કે જાપાનના ટોક્યોમાં હમણાં જ પૂર્ણ થયેલ ઓલિમ્પિક્સ અને પેરાલિમ્પિક્સમાં ભારત દેશના ખેલાડીઓનું પ્રદર્શન ખૂબ ઉમદા રહ્યું છે તેની પાછળ ખેલાડીઓની પ્રતિભા અને પરિશ્રમ ઉપરાંત મોદી સરકાર દ્વારા ખેલાડીઓને પૂરી પાડવામાં આવેલી વિશ્વકક્ષાની સુવિધાઓનો પણ ફાળો છે. રમત-ગમત ક્ષેત્રે દેશના દરેક રમતમાં સર્વાંગી વિકાસ થાય અને ખેલાડીઓને શ્રેષ્ઠ સુવિધાઓ ઉપલબ્ધ કરાવી શકાય તે હેતુથી આ યોજના હેઠળ રમત-ગમત સંકુલને પણ આવરી લેવાયા છે.

મોદી સરકાર દ્વારા દેશમાં ચૂંટાયા પછી દેશના છેવાડાના માનવી સુધી પાયાની સુવિધાઓ પહોંચે અને દેશનો દરેક નાગરિક વિકાસનાં ફળ ચાખે તે હેતુથી દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં પદ્ધતિસર વિકાસલક્ષી કાર્યો કરવામાં આવ્યાં. સરકાર દ્વારા દેશમાં વીજળી, પાણી, ગેસ, રસ્તા, અનાજ, રેલવે, ટેલિકોમ, ઈન્ટરનેટ જેવી જીવન-જરૂરિયાત અને જાહેર જનતાના વિકાસ માટે આવશ્યક દરેક સેવાઓ તેમને ઘરઆંગણે મળી રહે તે માટે અવિરત કાર્યો કરવામાં આવ્યાં છે અને હજુ પણ કાર્ય પૂરજોશમાં ચાલુ છે. આ વિકાસયાત્રાના ભાગરૂપે અને દેશના અર્થતંત્રમાં દરેક નાગરિક જોડાય તેના માટે સરકાર દ્વારા અનેક પગલાં સાથે આ એસેટ મોનેટાઈઝશન પાઈપલાઈન યોજના લાગુ કરવામાં આવી છે જેનો લાંબા ગાળાનો લાભ દેશના વિકાસમાં અને સામાન્ય માનવીના જીવનસ્તરને ઊંચું લાવવામાં મદદરૂપ થશે.

જય હિન્દ.



## મેડમ કામા

**જન્મ : ૨૪-૯-૧૮૬૧ • અવસાન : ૧૩-૮-૧૯૩૭**

જર્મની ખાતે મળેલી બીજી આંતરરાષ્ટ્રીય સમાજવાદી કોંગ્રેસમાં પ્રથમવાર ભારતીય સ્વતંત્રતાનો ધ્વજ લહેરાવનારાં મહિલા ક્રાંતિકારી મૅડમ કામા મુબઈનાં વતની હતાં. સમૃદ્ધ ઘરમાં જન્મેલાં આ પારસી સન્નારી નાનપણમાં ખૂબ લાડકોડમાં ઊછરેલાં. તેમનો સ્વભાવ એકદમ સ્વતંત્ર મિજાજી, સમજણાં થયાં ત્યારથી અંગ્રેજ સરકારને ધિક્કારવા માંડયાં હતાં. દીકરી ક્રાંતિના માર્ગે વળી જાય તે પહેલાં પિતાએ એને પરણાવી દેવાનું યોગ્ય માન્યું. મુંબઈના ખ્યાતનામ વકીલ કે. આર. કામા સાથે તેનાં લગ્ન કરાવી દીધાં. મિસ્ટર કામા અંગ્રેજનિષ્ઠ હતા, જ્યારે મૅડમ કામા અંગ્રેજોના ઘોર વિરોધી. આ કારણસર એમનાં દામ્પત્યજીવનમાં ચકમક ઝરવા માંડી. આ અરસામાં જ મુંબઈમાં પ્લેગ ફાટી નીકળ્યો. મૅડમ કામા પોતાના જીવની પરવા કર્યા વગર લોકોની સેવા કરવા નીકળી પડ્યાં. બદલામાં ખુદ પ્લેગના રોગનો ભોગ બની ગયાં. આ રોગની એમના પર એવી તો અસર થઈ કે ભારતમાં તેની સારવાર શક્ય ન બનતાં લંડન લઈ જવા પડ્યાં. એ વખતે દાદાભાઈ નવરોજી લંડનમાં રહેતા હતા. મૅડમ કામા તેમનાં અંગત મદદનીશ બન્યાં. અહીં તેઓ અનેક ક્રાંતિકારીઓના પરિચયમાં આવ્યાં. શ્યામજી કૃષ્ણવર્મા દ્વારા પ્રકાશિત ઇન્ડિયન સોશિયોલોજીસ્ટમાં તેઓ લેખ લખવા માંડ્યાં. પરંતુ લંડનમાં રહીને ક્રાંતિકારી પ્રવૃત્તિ કરવી શક્ય નહોતી. મૅડમ કામા ત્યાંથી પેરિસ જતાં રહ્યાં. પેરિસમાં એ વખતે પ્રખર ક્રાંતિકારી સરદારસિંહ રાણા રહેતા હતા. પછીથી વીર સાવરકર પણ ત્યાં આવીને વસ્યા. આ અરસામાં જ જર્મનીમાં બીજી આંતરરાષ્ટ્રીય સમાજવાદી કોંગ્રેસ મળી. મૅડમ કામાએ સરદારસિંહ રાણા અને વીરેન્દ્ર ચટ્ટોપાધ્યાય સાથે મળીને પ્રથમવાર ભારતીય સ્વતંત્રતાનો ઝંડો લહેરાવ્યો. આ પગલાંથી મૅડમ દેશવિદેશમાં પ્રસિદ્ધ થઈ ગયાં. ભારતની સ્વતંત્રતા માટે તેઓ હવે અમેરિકા ગયાં. ત્યાં અનેક જગ્યાએ તેમણે પ્રવચન આપ્યાં. ત્યાંથી પાછાં લંડન આવ્યાં. ૧૯૦૮માં સાવરકર સાથે મળીને ત્યાં ૧૮૫૭ની અર્ધશતાબ્દી મનાવી. પરંતુ લંડનમાં રહેવું દુષ્કર બનતાં પાછાં પેરિસ આવ્યાં. ત્યાં એમણે 'વંદેમાતરમ્' અખબાર શરૂ કર્યું. પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થતાં ઇંગ્લેન્ડ અને ફ્રાંસ મિત્ર બની ગયાં. ઇંગ્લેન્ડના દબાણને કારણે ફ્રાંસની સરકારે તેમને નજરકેદ કર્યાં. આ નજરબંધીને કારણે તેમની તબિયત બગડી. આર્થિક રીતે પણ ભાંગી પડ્યાં. એક નાનકડી ઓરડીમાં દિવસો વિતાવવા માંડ્યાં. એમના માટે વતન પાછા ફરવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન રહ્યો. પાછા ફરતાં સમુદ્રમાર્ગે તેમની તબિયત વધારે કથળી. આઠ મહિના હોસ્પિટલમાં રહીને આ ક્રાંતિકારી મહિલાએ પોતાના પ્રાણ છોડી દીધા. એમના મૃત્યુની કોઈ અખબારમાં નાની સરખી નોંધ પણ ન લેવાઈ.

REGD. NO. GAMC 563/ 2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

## ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મહાનુભાવોની દિલ્હી ખાતે લીધેલી શુભેચ્છા મુલાકાતની તસવીરો



**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.